Registered Under R.N.I. No. GUJGUJ/2023/84401

વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ

₹ ૫૦-૦૦
₹ 50-00

# UMA SRUSHTI
# ઉમાસૃષ્ટિ

Vishv UMIYA Foundation

આસ્થા, એકતા અને શક્તિનું ધામ | ૦૧ ડિસેમ્બર, ૨૦૨૩
01 December 2023

એક વૈશ્વિક વિચારધારા

તંત્રી–ડૉ. પ્રભુદાસ આઇ પટેલ
Editor-Dr. Prabhudas I Patel



## કળિયુગના સંત પૂજ્ય ડોંગરેજી મહારાજ
## જન્મ શતાબ્દી વર્ષ

**૧૯૨૨ - ૨૦૨૩**

# વિશ્વ ઉમિયાધામ સામાજિક સશક્તિકરણ કેન્દ્ર

## ૧૦૦ વીઘા જમીન એક હજાર કરોડનો સામાજિક પ્રોજેક્ટ

## "આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ"



- સ્કીલ યુનિવર્સિટી
- છાત્રાલય
- સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ
- અદ્યતન હોસ્પિટલ
- ઉમાસૃષ્ટિ
- મેટ્રીમોનિયલ સર્વિસીસ
- ઉમાછત્ર
- સમાધાન પંચ
- કાનૂની માર્ગદર્શન
- ઉમા લગ્ન સંસ્કાર
- મેડિકલ સહાય
- નિઃશુલ્ક શિક્ષણ સહાય
- ગુજરાતી વિદ્યાર્થીઓને કેનેડામાં મદદ

## વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં નિર્માણ થનાર - મંદિરની વિશેષતા - સુવિધાઓ

★ જગતજનની શ્રી ઉમિયા માતાજીનું વિશ્વનું સૌથી મોટું અને ૫૦૪ ફૂટ ઊંચુ મંદિર

★ જગત જનની મા ઉમિયાનું આસન જમીનથી ૫૧ ફૂટ ઊંચુ રહેશે.

★ દેવોના દેવ મહાદેવનું પારાનું વિશાળ શિવલિંગ, ગણપતિ દાદા તથા કાળભૈરવ મંદિરનું નિર્માણ.

★ અત્યાધુનિક ટેક્નિકલ પદ્ધતિથી મંદિરનું બાંધકામ તથા ધજા બદલવા માટે હાઈડ્રો મિકેનીકલ સિસ્ટમ.

★ ૩૦૦ ફૂટની ઊંચાઈ પર વ્યૂ ગેલેરી કે જ્યાંથી આજુબાજુના સમગ્ર વિસ્તારને નિહાળી શકાશે.

★ જગતજનની મા ઉમિયાના દર્શન માટે એસ્કેલેટર તથા વ્યૂ ગેલેરી સુધી લીફ્ટની વ્યવસ્થા.

★ મંદિરના મુખ્ય ખંડમાં એક સાથે પાંચ હજાર ભક્તો મા ઉમિયાના દર્શન કરી શકે તેવી સુવિધા.

★ મંદિરના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર બે કરતાં વધુ વાતાનુકૂલીન સત્સંગ હોલનું નિર્માણ.

★ વિકલાંગ અને વૃધ્ધોને મા ઉમિયાના મંદિર ગર્ભગૃહ સુધી જવા માટે ટ્રાવેલેટર / એસ્કેલેટરની સુવિધા.

★ યાત્રીઓ તથા દર્શનાર્થીઓ માટે રહેવા - જમવાની ઉત્તમ વ્યવસ્થા તેમજ શોપિંગ માટે હાઈપર માર્કેટની વ્યવસ્થા.

★ વિશ્વમાં પ્રથમ વાર સ્પેશિયલ લાઈટિંગ ઈફેક્ટ દ્વારા આઠમ, પૂનમ, અગિયારસ અને રાષ્ટ્રીય તહેવારોના દિવસે અલગ-અલગ પ્રકારની રોશનીથી મંદિર ઝળહળતું થશે જેથી અમદાવાદના રહીશોને જે તે તિથિની જાણકારી મળશે.

★ સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર અને હિન્દુધર્મ મુજબ ગર્ભગૃહનું બાંધકામ.

★ સોનાના કળશથી મંદિરની ભવ્યતાનું નિર્માણ.

★ અદ્યતન ભોજનાલય તથા પ્લાસ્ટિક ઝોન ફ્રી પરિસર.

★ પાટીદાર ઇતિહાસનું ભવ્ય મ્યૂઝિયમ.

★ મંદિર પરિસરમાં વિશાળ બેઝમેન્ટ પાર્કિંગ.

★ મંદિર પરિસરની આજુબાજુ જળાશયનું આયોજન.

★ સંપૂર્ણ ગ્રીન અને એનર્જી એફિસિયન્ટ મંદિર પરિસર.

★ બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થા.

Mayflower
WOMEN'S HOSPITAL

# The Cradle **of Care**

ENDOMETRIOSIS CLINIC

INFERTILITY AND ART CLINIC

OBSTETRICS/GYNECOLOGY

FETAL MEDICINE

GI SURGERY

COSMETOLOGY AND GYNEC-COSMETOLOGY

ANESTHESIA

RADIOLOGY

PEDIATRICS & NEONATAL CARE



**DR. SANJAY PATEL**

M.D. Diploma Endoscopy (Germany)
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. SMEET PATEL**

MBBS, MS. OBGYN
Endometriosis &
Gynaec Onco surgeon
Director



**DR. JAYA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist



**DR. RAVINA PATEL**

MBBS, DGO
Consultant Obstetrician
& Gynaecologist

+91-9898036701 | hello@mayflowerhospital.com | +91-79-27495001/02/03

"Mayflower House", Opp. - Police Helmet, Near Manav Mandir Temple, Drive-In Road, Ring Road Junction, Memnagar, Ahmedabad - 380052, Gujarat, India

**Special NRI Season Offer**
1st Dec. 2022 to 15th Jan. 2023

CELEBRATING 40 YEARS | GAJANAND® RETAIL

# દેશની યાદગીરી, ગજાનંદ મસાલા વગર અધૂરી

**₹2501/- ની ખરીદી ઉપર 10 ગ્રામ ચાંદીનો સિક્કો**

ફ્રી Silver Coin

**₹4501/- ની ખરીદી ઉપર 20 ગ્રામ ચાંદીનો સિક્કો**




## 100+ પ્રોડક્ટ રેન્જ

- કુમઠીલાલ કાશ્મીરી મરચું
- રેશમલાલ મરચું (રેશમપટ્ટી + કાશ્મીરી)
- પ્રીમિયમ મરચું
- તેજાલાલ મરચું (એક્સ્ટ્રા હોટ)
- કર્ક્યૂવેદા હળદર (સેલમ + વાયગૉંવ)
- પ્રીમિયમ હળદર પાવડર
- પ્રીમિયમ ધાણાજીરું પાવડર
- પ્રીમિયમ ધાણા પાવડર
- સોર્ટેક્સ કલીન આખા મસાલા
- તેજાના
- આચાર મસાલા
- કાબુલી સ્ટ્રોંગ હીંગ
- ગપાટા સપાટા (રેડી ટુ ફ્રાય રેન્જ)
- ઇન્સ્ટન્ટ મિક્સ
- આસામની પ્રીમિયમ ચા
- ફરાળી પ્રોડક્ટ્સ
- મુખવાસ
- નેચરલ સીડ્સ
- પ્રીમિયમ બ્લેન્ડેડ મસાલા
- પ્રીમિયમ ડ્રાય ફ્રુટ્સ
- કેમિકલ વગરનો નેચરલ દેશી ગોળ અને બીજુ ઘણું...

**એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ**

રન્નાપાર્ક, ઘાટલોડીયા : 63525 48504
મણિનગર : 99780 01025
જોધપુર-સેટેલાઇટ : 93136 68230
ન્યુ રાણીપ : 99989 63657
ગોતા : 88493 59397
સાંતેજ : 99255 91111

આ ઓફર ગજાનંદ "મસાલા એન્ડ મોર" બ્રાન્ડ સ્ટોર પર જ ઉપલબ્ધ

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન – વિશ્વ ઉમિયાધામ

# ઉમા સૃષ્ટિ

આસ્થા, એકતા અને શક્તિનું ધામ — એક વૈશ્વિક વિચારધારા

**ડિસેમ્બર ૧, ૨૦૨૩**
**વર્ષ:** ૦૨ **અંક:** ૦૭
**સળંગ અંક : ૧૮**
**માલિક:** વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

Vishv UMIYA Foundation

**December 1, 2023**
**Year :** 02 **Ank :** 07
**Owner :** Vishv Umiya Foundation



**પ્રમુખ :** આર. પી. પટેલ
**President :** R. P. Patel



**મેનેજિંગ એડિટર :** ડો. પ્રભુદાસ પટેલ
**Managing Editor:** Dr. Prabhudas I. Patel





**પરામર્શકશ્રી**
**Consultant**

પદ્મશ્રી-ડો. કુમારપાળ દેસાઇ પદ્મશ્રી-દેવેન્દ્ર પટેલ
Padmashri-Dr. Kumarpal Desai Padmashri-Devendra Patel

**સંપાદક મંડળ:**
ડો. હર્ષદ પટેલ
ડો. અશોક પટેલ
ડો. ઉત્પલ પટેલ
ડો. રૂપલ પટેલ

**Editor Board :**
Dr. Harshad Patel
Dr. Ashok Patel
Dr. Utpal Patel
Dr. Rupal Patel

**સહસંપાદક :** ધવલ માંકડિયા **Co-Editor :** Dhaval Makadiya

**કલાનિર્દેશક :** રેખા ચાવડા **Art Director :** Rekha Chavda

**ફોટોગ્રાફી :** હાર્દિક પંચોલી
**Photography :** Hardik Pancholi

**લવાજમ :**
દેશમાં : આજીવન (૧૦ વર્ષ) રૂ. ૩૫૦૦
પાંચ વર્ષ : રૂ. ૨૦૦૦
વિદેશમાં : આજીવન (૧૦ વર્ષ) ૫૦૦ ડોલર
પાંચ વર્ષ : ૩૦૦ ડોલર

**Subscription Amount :**
For India : Life Time ( 10 Year) Rs. 3,500
5 Year : Rs. 2,000
For USA : Life Time (10 Year) 500 $
5 Year : 300 $

**ઈ-મેઇલ/e-mail:** editorumasrushti@gmail.com

**રજિ. ઓફિસ :**
વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વિશ્વ ઉમિયાધામ, વૈષ્ણોદેવી મંદિરની સામે, એસ.જી.હાઈવે, જાસપુર રોડ, તા. કલોલ, જી.ગાંધીનગર, ગુજરાત-૩૮૨૭૨૧

**Regd. Office :**
Vishv Umiya Foundation - Vishv Umiyadham,
Opp. Vaishnodevi Temple, S.G. Highway, Jaspur Road,
Ta. Kalol, Dist. Gandhinagar, Gujarat-382721
www.vishvumiyafoundation.org
E-mail: info@vishvumiyafoundation.org
www.facebook.com/VishvUmiyaFoundation
Phone: +91 72020 80333 / 222

**મુદ્રક અને પ્રકાશક :**
**મુદ્રક:** અનિલ ડી. ગોંડલિયા - કેવલ ઓફસેટ, બી/૮, જે. કે. એસ્ટેટ, દૂધેશ્વર, અમદાવાદ. **પ્રકાશક :** ડો. પ્રભુદાસ આઈ. પટેલે વિશ્વ ઉમિયાધામ - જાસપુર, કલોલ, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**Printer & Publishers :**
**Printed by** Anil D. Gondaliya - Keval Offset,
B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad &
**Published by** Dr. Prabhudas I. Patel at Vishv Umiyadham
Jaspur, Kalol, Gandhinagar

# અનુક્રમ



**આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાન અંતર્ગત સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલન**



**૦૯** પ્રાર્થના
**૧૦** વેદોનો દિવ્ય સંદેશ
**૧૧** શ્રી રામચરિત માનસ કથાસાર
**૧૨** અધ્યાત્મ અને ઉત્સાહ



**૧૩** ઈશ્વરે હજી માનવજાતમાંથી શ્રદ્ધા ગુમાવી નથી
**૧૫** પ્રકાશ હોય તો જ પડછાયો પડે છે, પડછાયાથી ડરો નહીં
**૧૬** આપત્તિ : આત્મદર્શનનો અરીસો
**૧૭** સંગત માણસની સોબત એના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે
**૧૮** માબાપ અને સંતાનો: શિક્ષક અને વિદ્યાર્થી
**૨૧** સ્વર્ગમાં મહેનતનો આનંદ નથી...
**૨૨** વાતચીતમાં આ ચાર ભૂલો ન કરશો!
**૨૩** ૩૦૦ રૂપિયા સાથે ઘર છોડ્યું, ચલાવે છે ૭.૫ કરોડની કંપની
**૨૪** સપ્તપદીની સાચી સમજ



**૩૦** જાણો છો, તમાકુના ખેતરને વાડ કેમ નથી હોતી?
**૩૨** મંદિરોમાં સોનાના ચળકાટે ચોરીઓ વધારી
**૩૩** જંકફૂડ ખાવાના શોખીન છો? તો ચેતી જજો...!



**૩૪** મૃત્યુ એટલે શુ?
**૩૫** સાચા સુખને પડખે
**૩૯** બાલ સૃષ્ટિ
**૪૦** પ્રવૃત્તિઓનો અહેવાલ
**૪૨** પ્રવૃત્તિઓ
**૪૪** સમાચાર
**૪૬** ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ

**Printed by** Anil D. Gondaliya and Published by Dr. Prabhudas I. Patel **on behalf of** Vishv Umiya Foundation **and Printed at** Keval Offset, B/8, J. K. Estate, Dhudeshwar, Ahmedabad **and Published at** Vishv Umiyadham - Jaspur, Kalol, Gandhinagar, **Editor -** Dr. Prabhudas I. Patel

# તંત્રીલેખ



- ડો. પ્રભુદાસ પટેલ




**આ જગતમાંથી હું એક જ વાર પસાર થવાનો છું. તેથી હું જો કશી મમતા બતાવી શકું તેમ હોઉં તો લાવ, અત્યારે જ કરી લઉં. કારણ... કારણ કે હું અહીંથી ફરી નીકળવાનો નથી**

# કળયુગના શુકદેવજી : ડોંગરે મહારાજ

**"જ્ઞાન વેંચવા લાગ્યું ત્યારથી આ જગતમાં દુઃખનો પ્રવેશ થયો છે." આ તેની વ્યાસપીઠનું સનાતન વાક્ય રહેતું**

જે વી રીતે જુદા જુદા પ્રકારનાં ફૂલોના આકાર, સ્વરૂપ, સુગંધ, રંગ અને ઉપયોગીતા ભિન્ન ભિન્ન હોવા છતાં બધા ફૂલોમાં ગુલાબના ફૂલનું સ્થાન વિશિષ્ટ છે એ જ રીતે **કથાકારોમાં રામચંદ્ર ડોંગરેજી મહારાજનંઉ સ્થાન શિરમોર અને વિશિષ્ટ રહ્યું છે.**

કથાકાર તરીકેની તેમની વિશિષ્ટતાઓ અજોડ છે. અન્યને કહેવું છે તે સૌ પ્રથમ પોતાના જીવનમાં ધારણ કર્યા બાદ જ બીજાને ઉપદેશ આપવો આ ન્યાયે તેની કથની અને કરણી એક જ હતી. 'સાદા જીવન ઉચ્ચ વિચાર' આ સિધ્ધાંત તેનાં લીટીમાં ભળી જવાની તેના વિચાર, વાણી, વર્તન અને વ્યવહારમાં સંપૂર્ણ એક સૂત્રતા જોવા મળતી. આને કારણે **તેમનું વ્યક્તિત્વ પૂજ્ય, પ્રાંતઃસ્મરણીય, પુણ્યશ્લોક અને 'સંત શિરોમણી'ની ઓળખ પ્રસ્તાપિત કરતું રહ્યું.**

પરિણામે જાણે લાલા શ્રીકૃષ્ણને કથાનું શ્રવણ કરાવી રહ્યા હોય એવું અદ્ભૂત આધ્યાત્મિક વાતાવરણ ખડું થતું.

વ્યાસપીઠ પર લાલાની સામે હાથ જોડેલા રાખી આંખ ઉંચી કર્યા વગર જ્ઞાનગંગામાં ભાવીકોને તે રસતરબોળ બનાવી શક્તા જરા પથ અતિશયોક્તિ વગર કરી શકાશે કે પૂ. ડોંગરેજી કળયુગના શુકદેવજી હતા. **કથામાં તેઓ કહેતા, "વક્તા શુકદેવજી જેવો અને શ્રોતા પરિક્ષીત જેવો હોય તો કથાનું પરિણામ જોઈ શકાય,** વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રનું સુયોગ્ય નિર્માણ શકય બને. એ પણ ખાસ કહેતા" કથા મનોરંજન માટે નથી પણ મરણ સુધારવા માટે છે. સંગીત જેવા કોઈ પણ માધ્યમ વગર માત્રને માત્ર કથા પ્રસ્તુત કરતા કે વગર આમંત્રણના લાખો શ્રોતાઓ એકઠા થઈ જતા આવી મા શારદાની કૃપાશક્તિ તેઓને વરેલી હતી. **"જ્ઞાન વેંચવા લાગ્યું ત્યારથી આ જગતમાં દુઃખનો પ્રવેશ થયો છે." આ તેની વ્યાસપીઠનું સનાતન વાક્ય રહેતું.**

તેમનું જીવન અયાચક અને અકિંચન એવું કે રૂપિયાનો સ્પર્શ પણ તેને વર્જીત હતો. ! અરે, એટલે સુધી કે પત્નીનું શ્રાદ્ધ કર્મ કરાવનાર બ્રાહ્મણને દક્ષિણા આપવા પૈસા નહોતા તેથી પોતાના ગળાની માળા તેને વટાવવી પડેલી ! કથા વિરામના દિવસોમાં નડિયાદ સંત રામ મંદિરના મહંત અને માલસરના માધવદાસના સંગમાં તેનો નિવાસ રહેતો. **બ્રહ્મલીન થયા બાદ પણ કથા જગતના આકાશમાં યાવતચંદ્ર દિવા કરી 'ધ્રુવતારક'નું સ્થાન પ્રાપ્ત કરી ગયા.**

પ્રાતઃ સ્મરણીય, પુણ્યશ્લોક પ.પૂ.ડોંગરે મહારાજની અન્ય વિશેષતાઓ પણ તેને "સત શિરોમણી" ના સ્થાન માટે યોગ્ય ઠરાવે છે જેમ કે - જિંદગીમાં તેઓએ ક્યારેય સીવેલા કપડાં ધારણ ધર્યા ન હોતા. પ્રાતઃ ૪ વાગે ઉઠી ૧૦૮ સૂર્યનમસ્કાર કરવા મૌન ધારણ કરવું. સવારે ૯ વાગ્યા સુધી પૂજા કરવી. પૂજા બાદ મંદિર દર્શન કરી કથા પ્રારંભ કરવાનો નિયમ **વ્યાસપીઠ પર સ્થાન ગ્રહણ કરતા પહેલા બ્રાહ્મણોની પૂજા કરી તેને યથાશક્તિ દક્ષિણા આપતા.**

રંગ અવધૂત મહારાજની આજ્ઞાથી પાદરામાં જીવનની પ્રથમ કથા કરી. ત્યાર બાદ જીવનનાં અંત સુધી કથાઓ કરી. ગુજરાતમાં દર વર્ષે ૨૦ જેટલી કથા કરતા.

- જય શ્રીકૃષ્ણ


**માણિક્યમ્**

**મહાન સિધ્ધિઓ ક્યારેય સરળતાથી નથી મળતી
અને સરળતાથી મળતી સિદ્ધિઓ મહાન નથી હોતી**

**- દિળક**

તંત્રી

## પ્રમુખશ્રીની કલમે



# યોગથી અધ્યાત્મ ચેતના અને અધ્યાત્મ ચેતનાથી રાષ્ટ્રચેતના

વહાલા બંધુ-ભગિનીઓ,

સૌને જય ઉમિયાજી સાથે નૂતન વર્ષની મંગલ કામનાઓ પાઠવું છું. ગુજરાત સહિત દેશ - વિદેશમાં વસતા તમામ ભાઈઓ-બહેનોને નવું વર્ષ સુખમય, સમુદ્ધિમય અને આરોગ્યમય નીવડે તે માટે જગતજનની મા ઉમિયાના ચરણમાં હું પ્રાર્થના કરું છું. વિશ્વ ઉમિયાધામના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે દિવસ-રાત કામ કરનાર અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુ.કે., આફ્રિકા સહિતના દેશ-વિદેશમાં VUF ની વિવિધ જવાબદારીઓ સંભાળતા હોદ્દેદારો, દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ-બહેનોની સેવાઓને આ તકે બિરદાઉ છું, અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મા ઉમિયાની કૃપાદૃષ્ટિ આપના ઉપર નિરંતર વહેતી રહે તેવી અભ્યર્થના સેવું છું.

મિત્રો, વિક્રમ સંવત ૨૦૭૯ ના વર્ષમાં વિશ્વ ઉમિયાધામ દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓની વણથંભી વણઝાર વહેતી રહી છે, જેનાથી હું આપને અવાર-નવાર અવગત કરાવતો રહ્યો છું. પરંતુ આજે મારે આપની સમક્ષ વિદાય લેતા વર્ષના અંતમાં થયેલી એક વિશિષ્ટ પ્રવૃત્તિની વાત કરવી છે અને તે છે સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલન.

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯ મી જન્મજયતિ (૩૧ ઓક્ટોબર) ના દિવસે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ખાતે “સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલન” નું ભવ્ય અને વિરાટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પચાસ હજારથી વધારે વિશાળ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ગુજરાતના તમામ જીલ્લાઓમાંથી લોકો પોતાના વતનની પવિત્ર માટીને કળશમાં ભરીને “મેરી મિટ્ટી - મેરા દેશ - મેરા ધર્મ” ના નારા સાથે લાવ્યા હતા. આ મહા સંમેલનની સાથે - સાથે ગુજરાતના વિવિધ જીલ્લાઓમાંથી “૧૦ હજાર કાર રેલી” નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર રેલીથી વિશ્વ ઉમિયાધામ દ્વારા એક વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત થયો હતો.

આ મહાસંમેલનમાં અખંડ ભારતના નિર્માતા, પ્રખર દેશભક્ત અને પદ્દ્દ રજવાડાંઓનું એકત્રીકરણ કરનાર સરદાર વલ્લભભાઈ પટેલના ઉમદા જીવન-કવનથી વર્તમાન અને ભાવિ યુવા પેઢી પરિચિત થાય તે માટે “સરદાર પટેલ ગૌરવ ગાથા” નું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસિદ્ધ વક્તા, લેખક અને મોટીવેશનલ સ્પીકર શ્રી શૈલેષભાઈ સગપરિયાએ ત્રણ કલાક સુધી સરદાર સાહેબની ગૌરવ ગાથાનું ગાન કરી લોકોને દેશભક્તિના રંગમાં રંગી દીધા હતા.

આઝાદી બાદ અખંડ ભારતના નિર્માણમાં જે રાજવીઓએ સરદાર સાહેબની વાતમાં વિશ્વાસ મૂકીને પોતાના રજવાડાંઓ ક્ષણના વિલંબ વિના ભારતમાતાની ગોદમાં સમર્પિત કરી દીધા હતા તેવા રાજવીઓનું ઋણ અદા કરવા માટે તેમના વર્તમાન રાજવી વારસદારોને આદરપૂર્વક આમંત્રિત કરીને આ મહાસંમેલનમાં તેઓનું ગરિમાપૂર્ણ સન્માન ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ તથા દેશ-વિદેશના

# પ્રમુખશ્રીની કલમે

મહાનુભાવોના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું. આઝાદી પછીના દેશના ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સન્માન સમારંભમાં મહારાણા પ્રતાપના વંશજો, શિવાજી મહારાજના વંશજોની સાથે દેશના વિવિધ રાજ્યોમાંથી પ્રસિદ્ધ રાજવી વારસદારો આ સમ્માન સ્વીકારવા માટે પધાર્યા હતા.

મિત્રો, આ મહા સંમેલનની સફળતા માટે અને વર્ષ દરમિયાન થયેલી અનેકવિધ પ્રવૃત્તિઓને સાકાર કરવામાં જેને તન - મન - ધનથી અથવા મહેનત કરી પોતાનું યોગદાન આપ્યું છે તેવા તમામ દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, વિવિધ કમિટીઓના ચેરમેનશ્રીઓ, સમયદાતાશ્રીઓ, સ્વયંસેવકો તથા સૌ કાર્યકર્તા ભાઈઓ-બહેનોનો હું ઋણી છું અને દિલથી આભાર માનું છું. આ સાથે જ જાન્યુઆરી ૨૦૨૪ માં યુવાનોમાં રમત-ગમતની સ્કીલ વિકસાવવા માટે વિશ્વ ઉમિયાધામ દ્વારા અમદાવાદ ખાતે યોજાનાર વિશ્વ ખેલ ઓલિમ્પિયાડને અપ્રતિમ સફળતા અપાવવા માટે યુવા સંગઠનને વિશેષ હાર્દિક અપીલ કરું છું.

મિત્રો, વિશ્વ ઉમિયાધામના વિવિધ લક્ષ્યોમાં મુખ્ય લક્ષ્ય છે : આધ્યાત્મિક ચેતના દ્વારા રાષ્ટ્ર ચેતનાની જાગૃતિ. પરંતુ મને કહેવા દો કે આધ્યાત્મિક ચેતનાનું મૂળ યોગ ચેતનામાં છુપાયેલું છે. યોગ એ ભારતીય સંસ્કૃતિનો અમર વારસો છે, જે આપણે વિશ્વને ભેટ સ્વરૂપે આપ્યો છે. પરંતુ અત્યાર સુધી આ યોગ ગહન સાધના કરતા સાધુઓ સુધી જ સીમિત અને ગુફાઓમાં પુરાયેલો હતો. આપણા માનનીય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગને ગુફામાંથી બહાર કાઢીને યુનાઈટેડ નેશન્સ દ્વારા વિશ્વને તેની ભેટ આપી છે. તેમના સૂઝ-બૂઝ ભર્યા અથાક પ્રયાસોને કારણે "૨૧ જુનને વિશ્વ યોગ દિવસ" ના રૂપમાં ઉજવણી કરવા માટે U.N. એ તમામ દેશોની સર્વ સંમતિથી માન્યતા આપી છે, તો ચાલો આજે આપણે યોગ વિશે થોડી જાણકારી મેળવીએ :

**યોગનો અર્થ અને તેના ફાયદાઓ :** યોગ શબ્દ યુજ ધાતુ પરથી ઉતરી આવ્યો છે, યુજ એટલે જોડાવું અને આત્મ સાક્ષાત્કારના સાધનોનું નિરૂપણ કરવું. અહીં જીવાત્માને પરમાત્મા સાથે જોડવાની વાત છે. યોગ શબ્દના બે અર્થ છે : પહેલો અર્થ છે જોડાવું અને બીજો અર્થ છે સમાધિ. જ્યાં સુધી આપણે પોતાની જાત સાથે નથી જોડાતા, ત્યાં સુધી સમાધિ સુધી પહોંચવું મુશ્કેલ છે. યોગ એ માત્ર કસરત નથી, પરંતુ યોગ એ જીવન જીવવાની કળા છે. યોગ એક પૂર્ણ ચિકિત્સા પધ્ધતિ છે, એક રાજપથ છે. યોગ એ અધ્યાત્મ સુધી અને મોક્ષ સુધી પહોંચવાની એક સીડી છે. યોગના આઠ અંગો છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આ આઠ અંગોના પોતાના ઉપ અંગ પણ છે, પરંતુ તાજેતરમાં યોગના ત્રણ અંગો જ વ્યવહારમાં વધારે પ્રચલિત છે - આસન, પ્રાણાયામ અને ધ્યાન.

યોગથી અનેક ફાયદાઓ થાય છે. નિયમિત યોગ કરવાથી દિલ મજબૂત થાય છે. તણાવથી બચી શકાય છે. યાદશક્તિ મજબૂત થાય છે. બીપીની સમસ્યા રહેતી નથી. વજન વધતું નથી. આ ઉપરાંત સૌથી જરૂરી એવી સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે, માટે રોજ સવારે ઉઠીને યોગાસનોને અજમાવો અને શરીરને ફીટ અને તંદુરસ્ત રાખો. યોગથી માણસના શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માનો પૂર્ણ વિકાસ થાય છે, શરીરનો આંતર-બાહ્ય સંતુલિત વિકાસ થાય છે.

વેદકાળથી જ ભારતીય સંસ્કૃતિમાં યોગને પ્રતિષ્ઠા મળી છે, જે આજે વર્તમાનકાળમાં પણ અકબંધ છે. ભગવાન શિવને યોગના આદિ ગુરુ માનવામાં આવે છે. યોગ એ ભારતે દુનિયાને આપેલું નવું નજરાણું છે. આજે દુનિયાના અનેક દેશોએ યોગને મહત્ત્વ આપ્યું છે. યોગ એ વ્યક્તિને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. યોગ સર્વ રોગની ઔષધિ છે. ગીતામાં કહેવામાં આવ્યું છે કે, "समत्व योग उच्यते ।" અર્થાત્ જીવન વ્યવહારનું સંતુલન એટલે યોગ. શ્રીકૃષ્ણ ભગવાને યોગની ખૂબ જ સુંદર અને સચોટ વ્યાખ્યા કરી છે - 'योगः कर्मसु कौशलम् ।' અર્થાત્ કર્મમાં કુશળતાને યોગ કહે છે. શરીર અને મનની એકાગ્રતા એટલે યોગ.

ભારતીય સંસ્કૃતિ, દર્શન અને ધર્મના મૂળ વેદોમાં છે. યોગની વાત વેદ અને ઉપનિષદમાં પણ કરવામાં આવી છે. ઋગ્વેદના મંત્રોમાં યોગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. યોગ એ આત્માને પરમાત્મા સાથે જોડી આપવાની શક્તિ ધરાવે છે. યોગના પ્રકાર આ મુજબ છે : મંત્રયોગ, લયયોગ, હઠયોગ, રાજયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગ. યોગ એ સંપૂર્ણ જીવનશૈલી છે, જે સાધકોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સુખની પ્રાપ્તિ કરાવે છે. આધ્યાત્મિક ચેતના જાગૃત કરવા માટે જીવનમાં યોગ ખૂબ જ જરૂરી છે. યોગથી શરીર તો સ્વસ્થ બને જ છે, સાથે વ્યક્તિ વધારે આધ્યાત્મિક બને છે. કારણ કે યોગ એ અધ્યાત્મની જનની છે અને આધ્યાત્મિક ચેતના દ્વારા આપણે રાષ્ટ્રની એકતાને વધારે મજબૂત બનાવવાની છે. આ એકતા આપણને સ્વચ્છતા માટે, પર્યાવરણની સુરક્ષા માટે, રાષ્ટ્રવાદના સિદ્ધાંતો માટે અને દેશની પ્રગતિ માટે વધારે સભાન અને જાગૃ ત કરશે.

વિશ્વ ઉમિયાધામ યોગના પ્રચાર - પ્રસાર માટે અવાર-નવાર યોગ શિબિરોનું આયોજન કરે છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે મજબૂત બનવા માટે યુવાન ભાઈઓ-બહેનો અને સીનિયર સીટીજન સહિત સૌ કોઈને ભારતીય સંસ્કૃતિની આ મહામૂલી વિરાસત યોગને અપનાવવા વિશ્વ ઉમિયાધામ વતી હું આપ સર્વને હાર્દિક અપીલ કરું છું.

**આર. પી. પટેલ**
**પ્રણેતા એવં પ્રમુખ**
**વિશ્વ ઉમિયાધામ - જાસપુર, અમદાવાદ**



રજની પટેલ
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# પ્રાર્થના

હે મા!
ભીતરના કોડિયામાં
વિશ્વાસની વાટ
અને શ્રદ્ધાનુંતેલ
પૂરીને મમ અંતરના
ઉંબરે એક દીવો
પ્રગટાવ્યો છે...
નવલા વર્ષે તારા
તે દિવ્યમાન તેજમાંથી
એક તેજ પુંજ એવું આપજે
જેથી અમારા અંતરના
આંગણે પથરાયેલ
તમસ હટીને ત્યાં તેજ
પથરાય અને નવું વર્ષ
ઝળહળી ઉઠે...





**પ્રહ્લાદભાઈ કામેશ્વર**
લેખક ધાર્મિક સાહિત્ય સંપાદક,
શિક્ષણકાર અને ઊંચા ગજાના દાતા છે

# વેદોનો દિવ્ય સંદેશ

**उग्रो राजा मन्यमानो ब्राह्मणं यो जिधत्सति ।**
**परा तत् सिच्यते राष्ट्र ब्राह्मणो यत्र जीयते ॥**

(અથર્વવેદ ૫/૧૯/૬)

> **આજે ધર્મની, રાષ્ટ્રીયતાની, જ્ઞાનની, સદાચારની કોઈ વાત કરે છે, તો તેને ઉતારી પાડીને અપમાનિત કરવામાં આવે છે. તેનું એ પરિણામ આવ્યું છે કે ચારેબાજુ અજ્ઞાનનું વાતાવરણ ફેલાઈ ગયું છે.**

**ભાવાર્થઃ** જે રાષ્ટ્રમાં બ્રાહ્મણોને અને વેદવેત્તાઓને સતાવવામાં આવે છે તે રાજ્ય જ્ઞાનહીન થઈને નાશ પામે છે.

સંદેશ : બ્રાહ્મણની, ઋષિની નજર ખૂબ તેજ અને ધારદાર હોય છે. તેમની આંખો દૂર દૂર જુએ છે. તેઓ દીર્ઘદ્રષ્ટા હોય છે, સમયની નાડને પારખે છે અને સમાજના દોષદુર્ગુણોને દૂર કરવાના પ્રયાસ કરે છે. દેશમાં બધા નાગરિકો ચારિત્ર્યવાન, સંસ્કારવાન તથા જ્ઞાનવાન બને તેને માટે તેઓ સતત સંઘર્ષ કરતા રહે છે. એક સૂર્ય સમસ્ત અંધકારનો નાશ કરે છે, એ જ રીતે તેમના વડે ફેલાવેલું જ્ઞાન સમાજમાં ફેલાયેલા અજ્ઞાનનો, કુરિવાજોનો તથા કુવિચારોનો નાશ કરી નાખે છે. દુરાચારીની શક્તિની સરખામણીમાં સદાચારીની શક્તિ ખૂબ વધારે હોય છે. આજની સમસ્યા છે - **અચિંત્ય ચિંતન અને ભ્રષ્ટ આચરણ. સાચા બ્રાહ્મણ તથા વિદ્વાન જ તેને બદલવામાં સમર્થ થઈ શકે છે.**

સમાજે એવા યોગ્ય માણસોનું સન્માન કરવું જોઈએ, તેમનો આભાર માનવો જોઈએ. નારદજી તે ઋષિપરંપરાના પ્રતિનિધિ હતા. તેઓ દરેક પ્રકારનું કષ્ટ સહન કરીને સમાજમાં ફેલાયેલી સમસ્યાઓ અને કુરિવાજોનું નિવારણ કરવામાં નિરંતર લાગ્યા રહેતા હતા. બધે તેમનું સન્માન થતું હતું. ભગવાનના દરબારમાં જ નહિ, પરંતુ તેમનાં અંતઃપુરમાં પણ તેઓ કોઈપણ રોકટોક વગર જઈ શકતા હતા. **રામરાજ્યમાં દેવત્વનો ઉત્કર્ષ એનાથી જ શક્ય બન્યો હતો.**

શ્રેષ્ઠ રાષ્ટ્રવ્યવસ્થા અને સમાજવ્યવસ્થા "નિંદક નિયરે રાખીએ" ની ભાવના પર આધારિત હતી. યોગ્ય અને વિદ્વાન માણસો બીજા લોકોને તેમના દોષદુર્ગુણોથી સતર્ક કરીને તેમને સન્માર્ગે ચાલવાનો પ્રકાશ આપતા હતા. **તેમને હંમેશા સન્માનને પાત્ર માનવામાં આવતા હતા.**



આજે ધર્મની, રાષ્ટ્રીયતાની, જ્ઞાનની, સદાચારની કોઈ વાત કરે છે, તો તેને ઉતારી પાડીને અપમાનિત કરવામાં આવે છે. તેનું એ પરિણામ આવ્યું છે કે ચારેબાજુ અજ્ઞાનનું વાતાવરણ ફેલાઈ ગયું છે. લોકોની સત્ય અને અસત્યનો ભેદ કરવાની વિવેકબુદ્ધિ નષ્ટ થઈ ગઈ હોય એવું લાગે છે અને **રાષ્ટ્ર ફરી ગુલામીના માર્ગે આગળ વધીને નષ્ટ થવાની સ્થિતિમાં આવી ગયું છે.**

ઈમાનદાર અને સત્યનિષ્ઠ માણસો શોધ્યા જડતા નથી. જે છે તેમને દરેક રીતે ઉપેક્ષા, ઉપહાસ અને અપમાન સહન કરવાં પડે છે. પરિણામે લોકોનું સ્વાભિમાન નષ્ટ થાય છે અને સ્વાર્થપૂર્તિ માટે તેઓ કોઈ પણ હદે જવા માટે તૈયાર થઈ જાય છે. 'યથા રાજા તથા પ્રજા'ની કહેવત સાચી પડતી લાગે છે. ભ્રષ્ટાચાર અને ગોટાળાની ચર્ચા સર્વત્ર થાય છે. દેખાદેખીથી દરેક માણસ ભ્રષ્ટ આચરણને જ સફળતાનો સાચો માર્ગ સમજી બેઠો છે. આ કારણે દેશમાં ચારેબાજુ અજ્ઞાન અને અરાજકતા ફેલાઈ રહ્યાં છે અને વિદેશી શક્તિઓ દરેક રીતે આપણી આ કુપ્રવૃત્તિનો લાભ ઉઠાવીને આ "સોનેકી ચીડિયા" ને પોતાની જાળમાં ફસાવવાની ચાલ ચાલી રહી છે.

હજુપણ સમય છે કે આપણે ચેતી જઈએ અને સાચા રાષ્ટ્રીય વિદ્વાનો અને વેદવેત્તાઓએ બતાવેલા માર્ગનું અનુસરણ કરતા રહીને રાષ્ટ્રના અને પોતાના સ્વાભિમાનની રક્ષા કરીએ અને દેશને નષ્ટ થતો બચાવીએ.

રાષ્ટ્રહિતમાં બ્રાહ્મણોનો આ જ ધર્મ છે. ■


# ધર્મ સૃષ્ટિ



સંપાદક : ડો. પ્રભુદાસ પટેલ

# શ્રી રામચરિતમાનસ કથાસાર

**રામજન્મ ભૂમિ અયોધ્યામાં ભગવાન રામચંદ્રજીનું મંદિર નિર્માણ થઈ રહ્યું છે ત્યારે ગોસ્વામી તુલસીકૃત 'રામચરિત માનસ' આધારિત કથાસાર અને ભગવાન રામચંદ્રની લીલાઓ તંત્રીશ્રીની કલમે.**



**પૂર્વકથા :** શ્રી રામચંદ્રજીએ ધનુષનો ભંગ કર્યો. તેના પ્રચંડ ધ્વનિ સાથે જ "શ્રી રામચંદ્રજીએ ધનુષ્ય તોડી નાખ્યું"ના ધ્વનિ સાથે ચારેય બાજુ જય જયકારનો ધ્વનિ સમસ્ત બ્રહ્માંડમાં છવાઈ ગયો, **શ્રી સીતાજીએ શ્રી રામજીના ગળામાં જયમાળા હેરાવી.**

**હવે આગળ:**

खरभरु देखी बिमल पुरनारी
सब मिलि देहिं महिपन्ह गीरी

તેજ અવસરે શિવજીના ધનુષ્ય નું તૂટવાનું સાંભળી ભૃગુકૂળરૂી કમળના સૂર્ય રશુરામજી આવ્યા. તેમને જોઈને સર્વ રાજાઓ સંતાઈ ગયા. ગૌર શરીર ર ભસ્મ શોભી રહી છે. અને વિશાળ લલાટ ઉર ત્રિૃંડ વિશેષ શોભા આી રહ્યું છે. **રશુરામજીનો ભયાનક વેશ જોઈને સર્વેરાજા ભયથી વ્યાકુળ થઈ ઊભા થઈ ગયા.**

आशीष दिन्ही सखी हरषानी
सो व्यानूई व्यनु आई खुटीनी

રશુરામજીએ સીતાજીને આશીર્વાદ આપ્યા. છી વિશ્વામિત્રજી આવીને મળ્યા. સખીઓ હર્ષિત થઈ અને છી અહી વધુ રોકાયું યોગ્ય ન જાણીને ોતાની મંડળીમાં ચાલી ગઈ. વિશ્વામિત્રએ કહ્યું આ રામ અને લક્ષ્મણ રાજા દશરથના ુત્ર છે. **શ્રી રામચંદ્રજીના આર રૂને જોઈને તેમનાં નેત્રો સ્થિર થઈ ગયાં.**

बहुरि बिलोलि बिहेर सन लहू लाह अति भीर
पूंछत ज्ञानि अज्ञान निमि ब्यापेरु लोपु शरीर

બધું જાણતા હોવા છતાં અને અજાણ્યાની જેમ જનકજીને ૂછે છે,

"આ મોટી ભીડ કેમ છે? તેમના શરીરમાં ક્રોધ છવાયેલો છે. જે કારણે બધા રાજા આવ્યા હતા તે સમાચાર સંભાળાવ્યા, છી રશુરામજી એ ફરીને બીજી બાજુ જોયું તો ધનુષના ટુકડા ૃથ્વી ર ડેલા દેખાયા, અત્યંત ક્રોધે ભરાઈને કઠોર વચન બોલ્યા, "રે મૂર્ખ જનક! બતાવ આ ધનુષ્ય કોણે તોડ્યું? **શીઘ્ર બતાવ, નહીં તો તારું રાજ્ય છે, ત્યાં સુધીની ૃથ્વીને ઉલટાવી નાખીશ.**

अति उर उत्तर देत नृपु नाहींक
कुटिल भूप हरषे मन मांही

રાજાને અત્યંત ડર લાગ્યો. બધાના અંતરમાં ઘણો ભય છે. સીતાજીનાં માતા મનમાં સ્તાઈ રહ્યાં છે. રશુરામજીના સ્વભાવ સાંભળીને સીતાજીનો અડધો ક્ષણ ણ કલ્સમાન વીતવા લાગ્યો. ત્યારે **શ્રી રામચંદ્રજીએ એ સર્વે લોકોને ભયભીત જોઈને અને સીતાજીને ડરેલાં જોઈને બોલ્યા.**

नाथ समृधनु भंडानि हारा
होदही लेह अेली दास तुम्हारा

હે નાથ! શિવજીના ધનુષ્યને તોડનારો આનો કોઈ દાસ જ હશે. શું આજ્ઞા છે. આ સાંભળી ક્રોધીમુનિ બોલ્યા. "હે રામ! સાંભળો જેણે શિવજીનું ધનુષ તોડ્યું છે. તે મારો શત્રુ છે. મુનિના વચન સાંભળીને **લક્ષ્મણજી લલકાર્યા અને રશુંરામનું અમાન કરતાં બોલ્યા**

बहु धनुहीं तोरी लरिलाई
लीबहु न असि रिस किन्हीं गोसाई

હે ગોસાઈ! બાળણમાં અમે ઘણાં ધનુષ્ય તોડી નાખ્યાં, રંતુ ઓ આવો ક્રોધ ક્યારેય કર્યો નથી. આ સાંભળી રશુરામજી કૃતિ થઈને કહેવા લાગ્યા અરે રાજુત! તને બોલાવવાનો કોઈ હોશ નથી. આખા સંસારમાં શિવજીનું આ ધનુષ શું સામાન્ય ધનુષ સમાન છે? **રશુરામજી પોતાની ફરસીની સામું જોઈ બોલ્યા, અરે દુષ્ટ! તેં મારો સ્વભાવ નથી સાંભળ્યો?**

भुबल भूमि भूप बिनू लीन्हीं
विपुल बार महीने महिदेवन्ह दीन्ही

મેં ૃથ્વીને રાજાઓથી રહિત કરી દીધી. અને ઘણીવાર તેને બ્રાહ્મણોને આી દીધી. અરે રાજાના બાળક! મારી ફરસી જો. તે ઘણી ભયાનક છે. લક્ષ્મણજી કહે વારંવાર મને કુહાડી દેખાડી ડરાવો છો? ભૃગુવંશી સમજીને અને યજ્ઞોવિત જોઈને આ જે કહો છો તેને હું સહી લઉં છું. **દેવતા, બ્રાહ્મણ, ભગવાનના ભક્ત અને ગૌ, એમના ર અમારા કુળમાં વીરતા દેખાડતા નથી.**

(વધુ આવતા અંકે...) ■



**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
લેખક ચિંતક, સાહિત્યકાર, કોલમિસ્ટ અને સરકાર દ્વારા 'પદ્મ' એવોર્ડથી વિભૂષિત છે

# અધ્યાત્મ અને ઉત્સાહ

તમારી ચોપાસ હરતી-ફરતી વ્યક્તિઓની જીવનશૈલી જરા ઝીણવટથી જોજો. કેટલીક વ્યક્તિ વાત કરતી હોય, ત્યારે હંમેશાં ઉશ્કેરાટથી વાત કરતી હોય છે. એ કંઈ પણ કહે, તો એની પાછળ એનો આવેગ પ્રગટ થતો હોય છે. પરિસ્થિતિ કદાચ ઉશ્કેરાટભરી ન હોય, તોપણ એની રજૂઆત હંમેશાં ઉત્તેજનાપૂર્ણ હોય છે. એ કહેશે કે ''આજે મહેમાન આવ્યા અને હું મૂંઝાઈ ગઈ. શું કરવું તે સમજાતું નથી. ત્યાં જ નાસ્તો વેચનારો નીકળ્યો અને એની પાસેથી નાસ્તો લીધો, મહેમાનને આપ્યો. હાય બાપ, આ નાસ્તાવાળો ન આવ્યો હોત તો શું થાત.'' **આવી વ્યક્તિ એના આનંદની અભિવ્યક્તિ પણ ઉશ્કેરાટભરી રીતે, ''હાઈ પિચ'થી વ્યક્ત કરતી હોય છે.**

કેટલીક વ્યક્તિઓ વક્રદ્રષ્ટા હોય છે. એમને તમે કહો કે ''વાતાવરણ કેવું સરસ છે !'' એ કહેશે કે વાતાવરણ ભલે સરસ હોય, પણ જરી ઠંડી

**'ચાલો, મંદિરે જઈએ' એમ માનીને એ મંદિરે જતાં હશે. એમાં વળી શિયાળાની થોડી ઠંડી હોય, ઉનાળાની જરા ગરમી હોય કે ચોમાસાનો ઝરમર વરસાદ હોય, તો 'આજે ચાલશે, કાલે જઈશું' એમ માનીને મંદિરે જવાનું માંડી વાળતાં હોય છે.**

પજવે છે. આવી વ્યક્તિ હંમેશાં પ્રથમ તો તમારી વાતનો અસ્વીકાર જ કરશે, કારણ કે એને અન્ય વ્યક્તિને ઉત્તર આપતાં પહેલાં વિચાર કરવાની ટેવ નથી. માત્ર જે કંઈ કહેવાય, એની પ્રતિક્રિયા રૂપે એનો વિરોધ કરવાની આદત હોય છે. કેટલીક વ્યક્તિઓ દોષદર્શી હોય છે. **કોઈપણ વ્યક્તિ, પરિસ્થિતિ, પ્રદેશ કે દેશની વાત કરી, તો એ તત્કાળ તમારી સન્મુખ એનો કોઈ ને કોઈ દોષ શોધીને ધરી દેશે.**

આ બધામાં સૌથી વધુ નુકસાનકારક કોઈનું વ્યક્તિત્વ હોય તો તે નિસ્તેજ, બંધિયાર, માંદલું અને સ્થગિત જીવન જીવનારી વ્યક્તિનું છે. આવી વ્યક્તિઓ ચેપી રોગ જેવી હોય છે, જે સતત એના બંધિયાર જીવન અને સંકુચિત વિચારણાનાં ચેપી જંતુઓ તમને આપતી રહે છે. એમનામાં જીવનનો ઉત્સાહ સદંતર મરી પરવાર્યો હોય છે. એમની વાતચીત કરવાની રીત પણ એવી હોય છે કે એમ લાગે કે એમના મુખમાંથી શબ્દો પણ માંડ માંડ નીકળી રહ્યા છે. વર્તમાન જીવન પ્રત્યે



તેઓ તદ્દન નીરસ હોય છે અને જે રીતે વર્ષોથી જીવતા આવ્યા હોય એ જ ઘરેડમાં જીવતા હોય છે. એમના હૃદયમાં ન કોઈ ઉત્સાહ હોય છે, વિચારમાં ન કોઈ તેજ કે મૌલિકતા હોય છે. નદીના પ્રવાહની જેમ આગળ વધવાનું કોઈ ચૈતન્ય એમનામાં હોતું નથી. આ પરિણામે આવું મનોવલણ ધરાવતા લોકો કોઈ પણ બાબત વિશે પ્રતિભાવ આપવા માટે સહેજે ઉત્સુક હોતા નથી. એમને જીવનથી ભારોભાર કંટાળો હોય છે અને આવા કંટાળાને કારણે નિષ્ક્રિય બની ગયા હોય છે. આવી સ્થગિતતા એ અભિશાપ છે અને **એવી સ્થગિતતાને કારણે જ એમનું જીવન સરોવરના સ્થગિત જળની જેમ સમય જતાં ગંદકીથી દુર્ગંધમય બની જાય છે.**

ખળખળ વહેતું ઝરણું કેવું ઉત્સાહથી આગળ ધપતું હોય છે ! આવા ચેતનવંતા ઉત્સાહનો અભાવ વ્યક્તિને સ્થગિત બનાવી દે છે. એવું પણ બને છે કે વ્યક્તિ એક સમયે અત્યંત ઉત્સાહી, કર્મઠ, મૌલિક વિચારધારા ધરાવતી અને પ્રગતિશીલ હોય છે અને પછી એક સમય એવો પણ આવે છે કે જ્યારે એ કાર્યનિષ્ઠાને અભરાઈએ મૂકી દે છે. મૌલિક વિચારધારાને બદલે સંકુચિત વિચારધારામાં ગોઠવાઈ જાય છે અને પ્રગતિ કરવાને બદલે જ્યાં હોય ત્યાં સ્થિતિસ્થાપક રહેવાનું વિચારે છે. તેઓ સ્વયં તો એક ડગલું આગળ ભરતા નથી, કિંતુ બીજો કોઈ એક ડગલું આગળ વધવાનો વિચાર કરે, તો એને બે ડગલાં પાછળ ધકેલી દે છે. **આમાં એમનો દોષ નથી, પરંતુ એમને લાગેલા સ્થગિતતાના શાપનો દોષ છે.**

**વ્યક્તિ પ્રગતિ કરવા ચાહતી ન હોય, કોઈ નવું સર્જન કરવા માગતી ન હોય, ત્યારે તે ઉત્સાહ દાખવવાનું બંધ કરે છે અને ધીરે ધીરે થરેડમાં સરી પડે છે. ઉત્સાહનાં સોપાન પર ચડીને જ પ્રગતિ સિદ્ધ થઈ શકે. નિરુત્સાહી વ્યક્તિ જીવનમાં હંમેશાં પીછેહઠ કરતી હોય છે.**

કોઈ વેપારી પેઢીના શેઠને જોજો. પચીસ વર્ષ પહેલાં જે પ્રકારે ગાદી- તકિયે બેસતા હતા, એ જ પ્રકારનાં ગાદી-તકિયા પર બેસતા હોય છે. કોઈ બૅંકના ઘરેડુ કારકુનને જોશો તો જણાશે કે એમનામાં કામ કરવાની કોઈ ધગશ નથી. એવી પણ ધાર્મિક વ્યક્તિઓ મળશે કે જે માત્ર ગતાનુગતિકતાથી વિચારતી હોય, રૂઢિચુસ્તતાના રસ્તે આંખો મીચીને ચાલતી હોય, પોતાની સમજને બદલે અંધમાન્યતાથી જીવતી હોય. ધાર્મિક ટ્રસ્ટના કેટલાક ટ્રસ્ટીઓ ધર્મને નામે સ્થગિતતાને પુરસ્કારતા હોય છે. **એમને પોતાની પ્રત્યેક બાબત ધર્મપૂર્ણ લાગે છે અને સામેની વ્યક્તિના પ્રત્યેક વિચારમાં અધર્મની બદબૂ આવે છે.**

અહીં માણસનો 'માંહ્યલો' જ મરી ગયો હોય છે. એનું કારણ શું? કારણ એટલું જ કે એ પોતે જિંદગીમાં 'જૈસે થે'નો ઉપાસક બની ગયો હોય છે. નવું વિચારવાની મૌલિક દૃષ્ટિની વાત તો દૂર રહી, પરંતુ ધગશભેર જીવવાની એની વૃત્તિ પણ નષ્ટ થઈ ગઈ હોય છે. જો બીજમાંથી વૃક્ષ જ ન થાય, તો એ બીજનો અર્થ શું ? **આવી સ્થગિતતા ધરાવતી વ્યક્તિઓ જે ખાડામાં બીજ રૂપે નખાઈ હોય, તે જ ખાડામાં જીવનભર બીજ રૂપે પડી-સડી રહે છે.**

વ્યક્તિ જીવન તરફ નિરુત્સાહી બનીને જોતી હોય છે ત્યારે આવી પરિસ્થિતિ સર્જાય છે. એ બીજાના ઉત્સાહ પર હંમેશાં ઠંડું પાણી રેડતો હોય છે. કોઈ નવો વિચાર લઈને જાય તો કાં તો એનો અસ્વીકાર કરશે અથવા તો એની હાંસી ઉડાવશે; એનું કારણ એ છે કે એના હૃદયમાંથી ઉત્સાહનો આતશઓલવાઈ ગયો હોય છે. વ્યક્તિ પ્રગતિ કરવા ચાહતી ન હોય, કોઈ નવું સર્જન કરવા માગતી ન હોય, ત્યારે તે ઉત્સાહ દાખવવાનું બંધ કરે છે અને ધીરે ધીરે થરેડમાં સરી પડે છે. ઉત્સાહનાં સોપાન પર ચડીને જ પ્રગતિ સિદ્ધ થઈ શકે. **નિરુત્સાહી વ્યક્તિ જીવનમાં હંમેશાં પીછેહઠ કરતી હોય છે.**

તમારા જીવનમાં આવી સ્થગિતતા આવી છે ખરી ? દામ્પત્યજીવન રગશિયું ગાડું બની ગયું છે કે પછી સહજીવનનો ઉત્સાહ છે ? જ્ઞાનના પૂર્ણવિરામ પર આવીને ઠરી ગયા છો કે પછી જિજ્ઞાસાનું અલ્પવિરામ રાખીને વધુ ને વધુ જ્ઞાન સંપાદિત કરો છો ? માત્ર રૂઢિ કે આડંબરને કારણે મંદિરમાં દર્શન કરવા જાઓ છો કે પછી દર્શન કરવા માટે ભીતરની તડપન હોય છે. **રોગના ભયથી બચવા માટે વ્યાયામ કરો છો કે પછી વ્યાયામ કરવાનો ઉત્સાહ હોય છે ?**

ચીલાચાલુ ઘરેડમાં જીવવાની વૃત્તિ પહેલી બાદબાકી જીવનમાંથી પ્રાપ્ત થતા આનંદની કરશે અને બીજો છેદ ઉડાડશે એ સંબંધોમાં રહેલી ઉષ્માનો અને ઉત્સાહનો. પતિ-પત્ની ઘરની ચાર દીવાલોમાં એકસાથે જીવતાં હશે, પરંતુ એમની વચ્ચે મોટી દીવાલ ઊભી થઈ ગઈ હશે. ઘડપણમાં કશું કામ રહ્યું નથી, માટે 'ચાલો, મંદિરે જઈએ' એમ માનીને એ મંદિરે જતાં હશે. એમાં વળી શિયાળાની થોડી ઠંડી હોય, ઉનાળાની જરા ગરમી હોય કે ચોમાસાનો ઝરમર વરસાદ હોય, તો **'આજે ચાલશે, કાલે જઈશું' એમ માનીને મંદિરે જવાનું માંડી વાળતાં હોય છે.**

આધ્યાત્મિક જીવન જીવવું હોય, પરંતુ ઉત્સાહ ન હોય તો શું થાય? કોઈ આશ્રમના સાધકોના ચહેરા પરથીયે એનો અંદાજ આવી જાય. કેટલાક સાધકોમાં સાધનાના માર્ગે ઉત્સાહભેર આગળ જવાનો દૃઢ સંકલ્પ દેખાય છે અને કેટલાક ઉદાસીનતાના ભાવ સાથે આધ્યાત્મિક વ્યાખ્યાનો સાંભળતા હોય છે, આથી મહત્ત્વની બાબત એ છે કે જેમાં કશું નવું વિચારાતું નથી, ત્યાં સ્થગિત થઈ જવાય છે. **જ્યાં હશો ત્યાં જ રહી જશો અને પછી તમારા ક્ષેત્રમાં તમે કશું મૌલિક સર્જન આપી શકશો નહીં.**

સતત ઉત્સાહભેર કશુંક નવું કરીએ તો જ આપણા ક્ષેત્રમાં આપણે આગળ વધી શકીએ છીએ. જે સમયે નવું કરવાનો, પ્રગતિ સાધવાનો વિચાર અટકી જશે એ જ સમયે તમે સ્થગિત થઈ જશો. બંધિયારપણાની સીમામાં વ્યક્તિ જ્યારે પુરાઈ જાય છે, ત્યારે એ વધુ ને વધુ શુષ્ક, નીરસ અને મંદ બની જાય છે. વૃક્ષના ઠૂંઠા થડ જેવી એની સ્થિતિ હોય છે. તેના પાસે ગમે તેટલી વસંતો આવે, **તોય એની ડાળીઓ હસતી નથી ને પુષ્પો મહોરી શકતાં નથી અને વર્ષા એને નવજીવન બક્ષી શકતી નથી.** ■

# ધી મહેસાણા અર્બન કો-ઓપ. બેન્ક લિ. મહેસાણા

હેડ ઓફિસ : કોર્પોરેટ બિલ્ડીંગ, હાઈવે, મહેસાણા-૨. ફોન : ૦૨૭૬૨- ૨૫૭૨૩૩,૨૫૭૨૩૪ (મલ્ટીસ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક)
Website : www.mucbank.com, Email : info@mucbank.com

## સને ૨૦૨૧-૨૨ ના આકર્ષક પરિણામો

**બેન્કના માનવંતા સભાસદો, ગ્રાહકો, ડીપોઝીટર્સના અતુટ વિશ્વાસ અને સહકારથી આપણી બેન્કની પ્રગતિમાં આગેકુચ બદલ... અભિનંદન**

**જ્વલંત સિદ્ધિ ચોખ્ખો નફો રૂા.૧૧૦/- કરોડને પાર...**

રકમ રૂા. કરોડમાં

| વિગત | તા. ૩૧/૦૩/૨૦૨૧ (ઓડીટેડ) | તા. ૩૧/૦૩/૨૦૨૨ (અન ઓડીટેડ) | વર્ષ દરમ્યાન વધારો રકમમાં | વધારો ટકાવારીમાં |
|---|---|---|---|---|
| કુલ ડીપોઝીટ | ૬૬૧૪.૫૫ | ૭૨૩૧.૬૮ | ૬૧૭.૧૩ | ૯.૩૩% |
| ધિરાણ | ૪૬૦૬.૯૯ | ૫૧૪૨.૦૦ | ૫૩૫.૦૧ | ૧૧.૬૧% |
| ગ્રોસ નફો | ૨૦૭.૭૪ | ૨૪૩.૬૮ | ૩૫.૯૪ | ૧૭.૩૦% |
| નેટ પ્રોફીટ | ૮૬.૭૮ | ૧૧૦.૨૫ | ૨૩.૪૭ | ૨૭.૦૫% |
| રોકડ તેમજ અન્ય બેન્કમાં બેલેન્સ તેમજ RBI બેલેન્સ | ૪૪૩.૨૪ | ૫૭૪.૫૮ | ૧૩૧.૩૪ | ૨૯.૬૩% |
| ગર્વમેન્ટ સિક્યોરીટી તેમજ અન્ય રોકાણો | ૨૪૫૧.૧૩ | ૨૫૯૦.૮૭ | ૧૩૯.૭૪ | ૫.૭૦% |
| શેર મુડી | ૩૧૦.૪૮ | ૩૪૧.૬૭ | ૩૧.૧૯ | ૧૦.૦૪% |
| રીઝર્વ તેમજ અન્ય ભંડોળ | ૫૫૧.૯૬ | ૭૨૧.૦૦ | ૧૬૯.૦૪ | ૩૦.૬૩% |
| ઇન્કમટેક્ષ જોગવાઇ | ૩૮.૪૦ | ૪૬.૫૦ | ૮.૧૦ | ૨૧.૦૯% |
| શાખાઓ | ૫૮ | ૫૮ | - | - |

- આપની થાપણો ડી.આઇ.સી.જી.સી. દ્વારા રૂા.૫/- લાખ સુધી સુરક્ષિત છે.
- બેન્ક દ્વારા તેના સભાસદો તેમજ સેવિંગ્સ/કરંટ ખાતેદારોને અકસ્માત વિમો રૂા.૫/- લાખ સુધીનો લીધેલ છે કોઈપણ જાતના પ્રિમીયમ લીધા સિવાય.
- જે ખાતેદારો, સભાસદોના KYC બાકી હોય તે જે તે શાખામાં અપડેટ કરાવવા વિનંતી.
- લોકર્સ ધરાવનાર વ્યક્તિએ, વર્ષમાં એક વખત લોકર ઓપરેટ કરવું જરૂરી છે.
- ડીપોઝીટ લોકર્સ ખાતેદારના વારસદારની નિમણુંક બાકી હોય તે કરાવી જવા વિનંતી.

**બેન્કનું નેટ NPA "0" (Zero)**

**શ્રી જી. કે. પટેલ**
ચેરમેન

**શ્રી કે. કે. પટેલ**
વાઈસ ચેરમેન

**શ્રી વિનોદકુમાર એમ. પટેલ**
ચીફ એક્ઝીક્યુટીવ

**બોર્ડ ઓફ ડીરેક્ટરશ્રીઓ**

શ્રી ચંદુભાઇ આઈ. પટેલ (સ્થાપક ચેરમેન)
શ્રી કાનજીભાઈ એસ. પટેલ
શ્રી ભાઈલાલભાઈ એમ. પટેલ
શ્રીમતી કોકીલાબેન એન. પટેલ
શ્રી ખોડાભાઈ એન. પટેલ (સ્થાપક મેને.ડીરેક્ટર)
શ્રી નરોત્તમભાઇ એસ.પટેલ
શ્રી કીરીટકુમાર બી. પટેલ
શ્રીમતી દીપીકાબેન આર. પટેલ
શ્રી ડૉ. અનિલભાઇ ડી. પટેલ
શ્રી બાબુભાઇ એ. પટેલ
શ્રી ઘનશ્યામભાઇ કે. પટેલ
શ્રી સોમાભાઇ બી. પટેલ (પ્રો.ડીરેક્ટર)
શ્રી અશોક કુમાર (એડીશનલ ડાયરેક્ટર)
શ્રી જીતેન્દ્રભાઇ પી.પટેલ
શ્રી અમૃતલાલ જી.પટેલ
શ્રી લક્ષ્મણભાઇ એસ. વણકર
શ્રી અલ્કેશભાઇ બી. પટેલ (C.A.પ્રો.ડીરેક્ટર)

તેમજ સમગ્ર અર્બન બેન્ક પરિવાર...

**ઉત્તમ, ઝડપી, વિનયી ગ્રાહક સેવા એજ અમારો ધ્યેય**

શિક્ષણ સૃષ્ટિ



**કૃષ્ણકાંત ઉનડકટ,**
લેખક જાણીતા પત્રકાર, કટાર લેખક અને સમાજ ચિંતક છે.

# પ્રકાશ હોય તો જ પડછાયો પડે છે, પડછાયાથી ડરો નહીં



માણસ હંમેશાં ડરતો રહે છે. ડુબવાનો ડર લાગે તે માણસ તરી શકતો નથી. તરવા માટે પહેલાં પાણીમાં પડતું મૂકવું પડે. કોઈને ડૂબવાનો ડર છે. કોઈને સંપત્તિ ગુમાવવાનો ભય છે. **કોઈને મોતની બીક લાગે છે. રમતવીરને હારી જવાનો ડર છે.**

હાથમાં આવેલું કે ભેગું કરેલું ધન છીનવાઈ જશે તો શું થશે? ધંધો ચાલશે નહીં તો? નોકરીમાંથી પાણીચું મળી જશે તો? **માણસ પોતે જ ઊભા કરેલા પ્રશ્નોમાં ગૂંચવાતો રહે છે.**

ખરેખરા ડર કરતાં કાલ્પનિક ડર વધુ બિહામણો હોય છે. આભાસી ડર જ માણસને ડરપોક બનાવી દે છે. નેપોલિયને કહ્યું છે, જેને હારવાનો ડર છે, તેની હાર નિશ્ચિત છે. જેને જીતવાની તમન્ના છે, તેની જ જીત થાય છે. હું નિષ્ફળ જઈશ તો? **તેવા ડરે માણસ સફળતા તરફ એક ડગલું પણ ભરતો નથી.**

એક યુવાન પોતાના જ પડછાયાથી ડરતો હતો. તેને એવો ડર લાગતો હતો કે, કોઈ તેનો પીછો કરી રહ્યું છે. સાઈકિયાટ્રિસ્ટની દવાઓ પણ તેના ઉપર અસર કરતી ન હતી. ગુજરાતીમાં કહેવત છે કે, વહેમનું કોઈ ઓસડ નથી. મારો પડછાયો જ મારો જીવ લઈ લેશે તેવા ડરે **અને પડછાયાથી બચવા માટે તે સતત પાછળ જ જોયે રાખતો હતો.**

એક દિવસ એક સંતનો તેને ભેટો થઈ ગયો.

મા-બાપે સંતને પ્રાર્થના કરી કે, પડછાયાના ડરથી અમારા દીકરાને બચાવો. સંતે યુવાનને પોતાની બાજુમાં બોલાવ્યો. યુવાને પડછાયો બતાવીને કહ્યું કે, **જુઓ આ રહ્યો મારો પડછાયો. મારો પીછો જ છોડતો નથી.**

યુવાનની વાત સાંભળીને સંતે તેના શિષ્યને કહ્યું કે, લાઈટ બંધ કરી દે. સ્વીચ દબાવતાવેંત જ અંધારું થઈ ગયું. સંતે યુવાનને કહ્યું કે, **હવે પડછાયો બતાવ. પડછાયો ન હતો.**

સંતે યુવાનને કહ્યું કે, હવે દોડીને બતાવ. યુવાને કહ્યું કે, દોડું કેવી રીતે? અહીં તો અંધારું છે. સંતે પછી મર્મ સમજાવ્યો કે, અંધારું છે તો કંઈ જ નથી. પ્રકાશ છે તો પડછાયો છે. તારી તકલીફ એ છે કે, તું તારી પાછળ તારા પડછાયાને જ જુએ છે. તારી આગળના પ્રકાશને નથી જોતો.

**એક યુવાન પોતાના જ પડછાયાથી ડરતો હતો. તેને એવો ડર લાગતો હતો કે, કોઈ તેનો પીછો કરી રહ્યું છે. ગુજરાતીમાં કહેવત છે કે, વહેમનું કોઈ ઓસડ નથી. મારો પડછાયો જ મારો જીવ લઈ લેશે તેવા ડરે અને પડછાયાથી બચવા માટે તે સતત પાછળ જ જોયે રાખતો હતો.**

પ્રકાશને જોઈશ તો પડછાયાનો ડર નહીં લાગે. પડછાયો તારો પીછો નથી કરતો. **તું જ તારા પડછાયાની પાછળ પડયો છે. તું પડછાયાને છોડ અને પ્રકાશને જો.**

I believe that the man who wroks the hardest is the man who. deserves to win. લાન્સ આર્મસ્ટ્રોંગના આ શબ્દો છે. સતત છ વખત ત્રણ હજાર કિલોમીટરની સાઈકલ રેસ 'ટૂર-દ-ફ્રાન્સ' જીત્યા પછી લાન્સ આર્મસ્ટ્રોંગે આ શબ્દો ઉચ્ચાર્યા હતા.

વિશ્વની સૌથી કઠિન ગણાતી આ સાઈકલ રેસ સતત છ વખત જીતીને લાન્સ આમંસ્ટ્રોગ આ રેસનો એકસો એક વર્ષનો રેકર્ડ બ્રેક કયો હતો. આલ્પ્સના પર્વતો વચ્ચે સતત ત્રણ અઠવાડિયાં સુધી કલાકના ૪૦.૫ કિલોમીટરની ઝડપે સાઈકલ ચલાવી લાન્સ આર્મસ્ટ્રોંગ રેસ જીતી ગયો.

લાન્સ કહે છે કે, જો તમારું મનોબળ દૃઢ નહીં હોય તો દવા પણ અસર કરશે નહીં.

લાન્સ આર્મસ્ટ્રોંગે રેસ જીતી પછી અમેરિકાના પ્રેસિડેન્ટ જ્યોર્જ ડબલ્યુ બુશે તેને અભિનંદનનો પત્ર લખ્યો. જેમાં લખ્યું હતું કે, યુ આર સિમ્પલી ગ્રેટ.

મંઝિલ ગમે તેટલી દૂર હોય, ત્યાં સુધી પહોંચવા માટે પહેલું પગલું જ મહત્ત્વનું છે.

માઈકલ કોરડા નામના એક ચિંતકને એક ભાઈએ પૂછ્યું કે, સફળતા એટલે શું? માઈકલ **કોરડાએ કહ્યું કે, સફળતાને સમજવાનું કામ સાવ સહેલું છે. વ્યક્તિની છેલ્લી સિદ્ધિ અને એના આરંભ વચ્ચેનું અંતર એટલે સફળતા.** ■



**ડો. ચંદ્રકાંત મહેતા**
લેખક જાણીતા શિક્ષણવિદ, સાહિત્યકાર, કોલમિસ્ટ
અને પદ્મશ્રી એવોર્ડથી પુરસ્કૃત છે.

# આપત્તિ : આત્મદર્શનનો અરીસો

અને એક માણસે પ્રતિભાશાળી સંતનાં ચરણોમાં વંદન કરી પૂછ્યું: "ગુરુદેવ, મને સરળતાથી વિજયી બનવાનો માર્ગ બતાવો. મારી પાસે અઢળક સંપત્તિ છે, છતાં મને ધારી સફળતા મળતી નથી. એમ કેમ?"

પેલા સંતે સ્વસ્થ ચિત્તે કહ્યું, "બંધુ! તેં સફળતાનું રહસ્ય સમજવામાં મૂળભૂત રીતે જ ભૂલ કરી છે. સહેલાઈથી મળતો વિજય સસ્તો હોય છે. **ઘોર સંગ્રામને પરિણામે જે વિજય પ્રાપ્ત થાય છે, તે જ મેળવવા પાત્ર ગણાય છે.'**

"પણ મુશ્કેલીઓના સાગરમાં અટવાવું મને ગમતું નથી." પેલા આગંતુકે કહ્યું.

"જેમ કચડાયા વગર પુષ્પની કે છેદાયા વગર ચંદન વૃક્ષની વિશેષ સૌરભ ફેલાતી નથી, તેમ સંકટ વગર સફળતા પ્રાપ્ત થતી નથી. મનુષ્યનું ગુપ્ત બળ સુખપૂર્ણ સંજોગોમાં નહીં, પણ ત્રાસદાયક સંજોગોમાં ચમકી ઊઠે છે. જેમને સંકટ ગમે છે, ભાગ્ય તેમને નમે છે. દુર્બળ મનનો માનવી સંકટ આગળ ઝૂકે છે, ત્યારે તેજસ્વી સંકટ આગળ ઝૂકવાને બદલે સંકટને પોતાનાં ચરણે ઝુકાવે છે." સંતે કહ્યું. **"એટલે શું મારી પાસેની અઢળક સંપત્તિ મને સફળતા નહીં અપાવી શકે?" પેલી વ્યક્તિના પ્રશ્નમાં દર્દ હતું.**

"બંધુ! સંપત્તિ મગજને પુષ્ટિ આપી શકે, પણ વિપત્તિ તેને મજબૂત બનાવે છે. કોઈ પણ માણસે સ્મશાનવત્ શાન્તિમાં ઊભા રહીને પોતાની ઉન્નતિ સાધી હોય એવું ઈતિહાસમાં બન્યું છે ખરું? પ્રકૃતિ જ્યારે મુશ્કેલીઓ વધારે છે, ત્યારે બુદ્ધિ-બળ પણ વધારે છે. પ્રચંડ મુશ્કેલીઓ જ માણસ માટે સફળતાનાં સોપાનો રચતી હોય છે. આપત્તિ એટલે આત્મદર્શનનો અરીસો. **તારે સફળ થવું હોય તો પડકારો તરફ પલાયનવાદી બનવાને બદલે પડકારોનો સ્વાગતકર્તા બન'**


આ સંતે કહેલી વાત તદ્દન સાચી છે. જગતને આદત છે તપાસવાની અને તાવવાની. એટલે તમારી વાત જગત એક જ ધડાકે આવકારી લે, એવું હંમેશાં નથી બનતું. અગ્નિપરીક્ષા આપીને સતીત્વની પ્રતીતિ કરાવનાર સીતાને પણ આળમાંથી આ જગતે મુક્ત નથી રાખી. પ્રેમ અને ક્ષમાના મહાન સંદેશ પ્રદાન કરનાર ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે લટકાવીને જ **સત્ય ખાતર પારખું લીધું છે. સફળતા ઘોર પરિશ્રમ પછી જ પ્રાપ્ત થાય છે.**

**[ પ્રેમ અને ક્ષમાના મહાન સંદેશ પ્રદાન કરનાર ઈસુ ખ્રિસ્તને વધસ્તંભે લટકાવીને જ સત્ય ખાતર પારખું લીધું છે. સફળતા ઘોર પરિશ્રમ પછી જ પ્રાપ્ત થાય છે. ]**

સૂરજે પણ ઊગતાં પહેલાં અંધારી રાતનો સામનો કરવો પડે છે. વહેતા નિઝરે પથમાં પડેલ ખડકના ખમીર સાથે બાથ ભીડવી પડે છે, વિશાળ વટવૃક્ષ બની ચૂક્યા અગાઉ છોડરૂપે રહેલા વડે વર્ષાની ઝડીઓ, વૈશાખી **આંધીઓ કે શીત પવનના સુસવાટા સમક્ષ પોતાની તાકાતની અડગતા પુરવાર કરવી પડે છે.**

વિરોધથી ગભરાય તે વામન અને વિરોધને હસતા મોઢે કચડીને આગળ વધે તે વિરાટ. વિરોધ પણ ક્યારેક આપણા માટે વરદાન બની જતો હોય છે. હકીકતમાં આપણો વિરોધ કરી આપણને માનસિક પરિતાપ પહોંચાડનારા લોકો આપણા સહાયકો છે. **તેઓ વિરોધ કરીને આપણાં જ્ઞાનતંતુઓને તથા આપણી બુનિયાદી** બુદ્ધિના ઓજસને વધુ ચમકીલું બનાવે છે. જિંદગીનું બળ સંઘર્ષો સામે ટકી રહેવા માટે લડવી પડતી લડાઈઓના સ્વાનુભવમાંથી જન્મે છે. અંતઃકરણને આઘાત પહોંચાડનાર પરિસ્થિતિઓ કે વ્યક્તિઓ જ આ બળના આવિર્ભાવનું નિમિત્ત બનતી હોય છે. **રત્ન બહાર નીકળે એ માટે વસુધાએ પણ પોતાના વક્ષઃસ્થળ પર પ્રહારો ક્યાં સહન નથી કરવા પડતા?**

—વેદનાનો ઉપહાર દેનારને ઝાઝેરા ઝુહાર. આપત્તિ એટલે આત્મદર્શનનો અરીસો! ■




## શિક્ષણ સૃષ્ટિ



**મહેન્દ્ર પટેલ**
લેખક-સંપાદક લિંકન ફાર્માસિસ્ટના માલિક છે.

# ‘સંગત’ માણસની સોબત એના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે



**આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે પણ ડ્રાઇવરના જવાબથી આશ્ચર્યચકિત થઈ ગયા. આઈન્સ્ટાઈને પેલા માણસના સવાલનો જવાબ ડ્રાઈવર બનીને આપ્યો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂરો થયો. તમે કેવા પ્રકારની વ્યક્તિ સાથે રહો છો એ ઘણું મહત્ત્વનું છે.**

જીવનમાં ‘સંગત‘ કે ‘સોબત‘ મહત્ત્વપૂર્ણ છે. વ્યક્તિનો વિકાસ સુચારુ સંગત દ્વારા સારો થઈ શકે છે. સંગતની સાથે વાતાવરણ પણ એટલું જ જરૂરી છે. આવો, આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો એક પ્રસંગ જોઈએ.

આલ્બર્ટ આઈન્સ્ટાઈનની "Theroy of Relativity" ખૂબ જ પ્રસિદ્ધ થઈ એટલે તેના વિશે લેક્ચર આપવા માટે આમંત્રણ મળવા લાગ્યાં.

આલ્બર્ટ આઈન્સ્ટાઈન હંમેશાં ગાડી લઈને જતા અને ડ્રાઈવર સાથે રાખતા. **લેક્ચર દરમિયાન ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈનને સાંભળતો.**

એક દિવસે ડ્રાઈવરે આઈન્સ્ટાઈનને કહ્યું કે તમારી થિયરી એટલી સરળ છે કે હું પણ એના વિશે પ્રવચન કરી શકું. મેં એટલી બધી વાર સાંભળી છે કે તમારા પ્રવચનના દરેક શબ્દો મને યાદ રહી ગયા છે.

ત્યારે ગુસ્સે થવાના બદલે આઈન્સ્ટાઈન ખુશ થયા કે એમની થિયરી એટલી સરળ છે કે વિજ્ઞાનનું જરા પણ જ્ઞાન ન હોય એવા લોકો પણ એ સમજી શકે છે.

એ દિવસોમાં મીડિયા એટલું પ્રસાર ન હતું પામ્યું. એટલે બધા લોકો નામથી આઈન્સ્ટાઈનને ઓળખતા હતા, પણ **મોટા ભાગના લોકો એમના ચહેરાથી અજાણ હતાં.**

એક દિવસ પ્રવચનમાં જતી વખતે આઈન્સ્ટાઈને એના ડ્રાઈવરને કહ્યું કેઃ ×આજે મારી જગ્યાએ તારે પ્રવચન આપવાનું છે.” ડ્રાઈવરે વૈજ્ઞાનિક જેવાં કપડાં પહેરી લીધાં અને આઈન્સ્ટાઈને ડ્રાઈવરનાં કપડાં પહેરી લીધાં, બંને હૉલમાં ગયા. **છેલ્લી હરોળમાં બેસીને આઈન્સ્ટાઈન ડ્રાઈવરનું પ્રવચન સાંભળવા લાગ્યા.**

ડ્રાઈવરે એટલી સરળતાથી “Theroy of Relativity” સમજાવી કે કોઈને શંકા ગઈ નહી. અંતમાં પ્રશ્નોત્તરી થઈ. એમાં પણ ડ્રાઈવરે તમામ પ્રશ્નોના સાચા અને સચોટ જવાબ આપ્યા, કારણ કે મોટા ભાગના પ્રશ્નો **અગાઉના પ્રવચનમાં પુછાઈ ગયા હોય એ પ્રકારના જ હતા.**

પરંતુ અંતમાં એક માણસે એવો સવાલ કર્યો કે ડ્રાઈવર મૂંઝાઈ ગયો. એ પ્રકારનો સવાલ અગાઉ ક્યારેય પુછાયો નહોતો. ડ્રાઈવરને ચિંતા થઈ કે હવે શું કરવું? એને થયું કે જો બધાંને ખબર પડી જશે કે આઈન્સ્ટાઈનની જગ્યાએ એનો **ડ્રાઈવર પ્રવચન આપે છે તો સારું નહીં લાગે અને છાપ ખરાબ પડશે.**

માત્ર થોડી સેકન્ડ વિચાર કરી, જરા પણ ગભરાયા વિના ડ્રાઈવરે પેલા ભાઈને જવાબ આપ્યો કે : “તમારો સવાલ એટલો બધો સરળ છે કે મારો ડ્રાઈવર પણ એનો જવાબ આપી શકે. મારો ડ્રાઈવર છેલ્લી હરોળમાં બેઠો છે, **હું એને વિનંતી કરીશ કે તમારી સમસ્યાનું સમાધાન કરે.”**

આલ્બર્ટ આઈન્સ્ટાઈન પોતે પણ ડ્રાઈવરના જવાબથી આશ્ચર્યચકિત થઈ ગયા. આઈન્સ્ટાઈને પેલા માણસના સવાલનો જવાબ ડ્રાઈવર બનીને આપ્યો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂરો થયો. તમે કેવા પ્રકારની વ્યક્તિ સાથે રહો છો એ ઘણું મહત્ત્વનું છે.

**આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવી વ્યક્તિ સાથે રહેવાથી એક અભણ ડ્રાઈવર પણ હોશિયાર થઈ ગયો હતો. માણસની સોબત એના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે.** ■

શિક્ષણ સૃષ્ટિ



**ડો. અશોક પટેલ**
લેખક વિદ્વાન પ્રોફેસર, કેળવણીકાર અને કોલમિસ્ટ છે

# માબાપ અને સંતાનો: શિક્ષક અને વિદ્યાર્થી




સમાજમાં સાંભળવા અને જોવા મળે છે કે, માબાપ અને તેમનાં યુવાસંતાનોના વિચારો વચ્ચેનું અંતર વધતું જાય છે. આ અંતર જે કુટુંબોમાં વધુ છે તે કુટુંબોમાં અશાંતિ અને અધોગતિ જોવા મળે છે. આ સત્ય સૌ સ્વીકારે છે પણ ઘટાડવાના પ્રયત્નો ઓછા જોવા મળે છે. **માબાપ સંતાનોનો દોષ કાઢે છે તો સંતાનો માબાપનો દોષ કાઢે છે.** માબાપ પોતાના વિચારો અને પરંપરા છોડવા માગતા નથી તો આધુનિકતામાં જીવતા બાળકો તેને સ્વીકારી શકતા નથી. બીજીબાજુ આધુનિકતા

**[ સાઠ-સિત્તેર વર્ષે માબાપને સંપૂર્ણ પરિવર્તન લાવવું અઘરું પડશે અને સોશિયલ મીડિયાના જમાનામાં યુવાનોને પકડી રાખવા એ પણ માબાપ માટે અઘરું પડશે. ]**

અને ટેક્નોલોજીને કારણે આવેલી સંતાનોની રહેણીકરણી કે વર્તનવ્યવહારને માબાપ અપનાવી શકતા નથી. આમ બંને પક્ષ પોતે સાચા છે એમ માનીને પકડી રાખે છે અંતે ગૃહયુદ્ધ થાય છે. **માટે તો ઘણાં કુટુંબોમાં માબાપ અને સંતાનો સાથે રહેતાં નથી.** આવા બનાવો વખતે અન્ય વડીલો માબાપનો પક્ષ ખેંચશે અને અન્ય યુવાનો સંતાનોનો પક્ષ ખેંચશે. ત્યારે પોતાના હિતાર્થે માબાપ અને યુવાનોએ બંનેએ પોતાના વિચારોને સામેના પક્ષ પર ઠોકવા કરતાં સામેના પક્ષના વિચારોને શક્ય એટલા સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. સાઠ-સિત્તેર વર્ષે માબાપને સંપૂર્ણ પરિવર્તન લાવવું અઘરું પડશે અને સોશિયલ મીડિયાના જમાનામાં યુવાનોને પકડી રાખવા એ પણ માબાપ માટે




**શિક્ષકને જે શિસ્ત અને આદર્શ જોઇએ છે તે વિદ્યાર્થી આપી શકતો નથી. શિક્ષક પણ પોતાના અનુભવો, મૂલ્યો અને કાર્યપદ્ધતિને જ સર્વ શ્રેષ્ઠ માને છે અને કહે છે કે આજના વિદ્યાર્થીઓ બગડી ગયાં છે. આમ અહીં પણ બે પેઢી વચ્ચે અંતર દેખાઈ આવે છે.**

અઘરું પડશે. બહાર ફરવા જતી વખતે **હિલ કે બીચના શોખીન યુવાનોને યાત્રાના સ્થળે લઈ જવા દબાણ કરનારાં માબાપે પોતાના વિચારો છોડવા પડશે.** તો સગાંસ્નેહી સાથે સમય પસાર કરવાનું ઈચ્છતા માબાપને યુવાનોએ સ્વતંત્રતા આપવી પડશે. બે પેઢી વચ્ચેનું અંતર માબાપ અને તેમના સંતાનોના વિચારો વચ્ચે છે, એવી જ રીતે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પણ અંતર જોવા મળે છે. આજના શિક્ષકોના વિચારો અને કાર્યપદ્ધતિ વિદ્યાર્થીને જૂના લાગે છે. બીજી બાજુ શિક્ષકોને એમ લાગે છે કે આજે વિદ્યાર્થીઓને ભણવું ગમતું નથી. **હકીકતમાં વર્ગખંડમાં નવું શીખવવા જૂનું લઈને જતો શિક્ષક વિદ્યાર્થીઓને સ્વીકાર્ય નથી.** તો ભારતીય સંસ્કૃતિ મુજબનું વર્તન ન કરતો વિદ્યાર્થી શિક્ષકને સ્વીકાર્ય નથી. વર્ગખંડમાં કાળાં પાટિયાં પર આકૃતિ દોરીને કે નકશો લટકાવીને શીખવતો શિક્ષક વિદ્યાર્થીને પસંદ નથી, કારણ કે તેની પાસે જીવંત અને આબેહૂબ જોવા માટે યૂટ્યૂબ છે. ઈન્સ્ટાગ્રામમાં ફરતા વિદ્યાર્થીને શાંતિગ્રામ કે નંદીગ્રામમાં ફેરવવો શિક્ષક માટે અઘરું બની ગયું છે. તો શિક્ષક પાસેથી પાઠ્યપુસ્તક સિવાયનું મેળવવું વિદ્યાર્થી માટે અઘરું છે. **વિદ્યાર્થીને જે અને જેટલું જોઈએ છે તે અને તેટલું આજનો શિક્ષક આપી શકતો નથી.** તો શિક્ષકને જે શિસ્ત અને આદર્શ જોઈએ છે તે વિદ્યાર્થી આપી શકતો નથી. શિક્ષક પણ પોતાના અનુભવો, મૂલ્યો અને કાર્યપદ્ધતિને જ સર્વ શ્રેષ્ઠ માને છે અને કહે છે કે આજના વિદ્યાર્થીઓ બગડી ગયાં છે. આમ અહીં પણ બે પેઢી વચ્ચે અંતર દેખાઈ આવે છે. બંને પક્ષ પોતે સાચા છે તેમ માનીને વર્તે છે, પરિણામે કોઈને સંતોષ મળતો નથી. **શિક્ષકે પણ પોતાના વિચારો અને કાર્યપદ્ધતિમાં બદલાવ લાવવો પડશે.** ટેક્નોલોજીના યુગમાં જીવતા વિદ્યાર્થી સાથે કામ કરવા શિક્ષકે પણ ટેકનોલોજીને અપનાવવી પડશે. તો સામે પક્ષે વિદ્યાર્થીએ પણ સંસ્કાર, મૂલ્યો અને પરંપરાને અને શિક્ષકે ઈમોજી તથા વિદ્યાર્થીએ નિબંધને અપનાવવા પડશે. માબાપ અને સંતાનો કે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વિચારોનું અંતર છે. ત્યારે એકબીજા પર દોષારોપણ કર્યા વગર અંતર ઘટે તેવા પ્રયત્નો સૌએ કરવા જ પડશે. જેમાં જે સમજુ કે અનુભવી હોય તેણે વધારે સમજુ બનીને પ્રયત્ન કરવા પડશે. **હજુ પણ બાજી હાથમાંથી સરી ગઈ નથી, હા શરૂઆત થઈ ગઈ છે. પરિવર્તન એ કુદરતનો નિયમ છે, સૌ એ પોતાની જાતમાં પરિવર્તન લાવવું પડશે.** પણ માબાપ અને શિક્ષકે પરિવર્તન લાવવાની શરૂઆત કરીને સંતાનો અને વિદ્યાર્થીના દિલ જીતશે તો તેમનામાં પણ પરિવર્તન આવશે. સાસુ અને વહુ થિયેટરમાં ફિલ્મ જોવા તથા શિક્ષક અને વિદ્યાર્થી કોફી પીવા સાથે જતાં થશે ત્યારે આ અંતર સો ટકા ઘટશે. વડીલો અને શિક્ષકો જૂનું છોડી શકતા નથી અને નવું અપનાવી શકતા નથી, તો સંતાનો કે વિદ્યાર્થીઓ જૂનું અપનાવી શકતાં નથી અને નવું છોડી શકતાં નથી. **યુવાનોએ પરસેવા અને પરંપરાનું મહત્ત્વ શીખવવું પડશે. સાથે માબાપ અને શિક્ષકોએ 'હું મોટો છું જેથી મને વધારે ખબર પડે' તેમાંથી બહાર આવવું પડશે.** એકબીજાને દબાવવાનો નહીં સ્વીકારવાનો પ્રયત્ન જરૂરી છે. ઘર અને શાળા-કોલેજમાં ચેન્જ અને ચેલેન્જમાં માનનાર સંતાનો બેધડક પોતાની વાત કહે તેને અશિસ્ત ના ગણાય. આજે માબાપ અને શિક્ષક પાસે અનુભવ છે તો વિદ્યાર્થી પાસે ટેક્નોલોજી છે, બંનેનો મેળાપ કરવો પડશે. બીજાનું સ્વીકારશો તો એ તમારું સ્વીકારશે, જેનું સાંભળશો એ તમારું સાંભળશે. ટૂંકમાં, માબાપ અને સંતાનો વચ્ચે તેમજ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વધતાં અંતરને નાબૂદ કરવા માટેના પ્રયત્નો સૌએ સાથે મળીને કરવા પડશે. અશોકી : આજના યુવાનો એ એવી છેલ્લી પેઢી છે કે **જેમની મા પાસે સોશિયલ મીડિયાનું એકાઉન્ટ નથી અને ઘરમાં પણ સાડી પહેરે છે.** ■

Celebrating More than 40 years of Trust, Taste & Purity

www.ankuroils.com

SINCE 1978

Ankur®

EDIBLE OILS

# એજ અતૂટ બંધન




**Our Other Products:**
**Refined Cottonseed Oil, Refined Sunflower Oil, Refined Soyabean Oil, Refined Corn Oil, Kachi Ghani Mustard Oil, Mild Mustard Oil**

Ankur Oil Industries, 'Corporate Office' Ratnaakar Nine Square, Block-B, Shop no. 1-6, Opp. ITC Narmada, Vastrapur road, Ahmedabad-380015

Business Inquiry No.: **+91 82382 38250**

Follow us on:

marshmallow

અંકિત ત્રિવેદી
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે

# સ્વર્ગમાં મહેનતનો આનંદ નથી...



*સ્વર્ગમાં જઈશું કદી તો સ્વર્ગમાં શું ફાવશે?*
*મિત્રોનો મેળો અહીં જેવો જ શું ત્યાં જામશે?*
*કાવ્ય ને સંગીતમાં રમમાણ જેવું છે સતત,*
*ઉર્વશી ને મેનકાનાં નૃત્યમાં મન લાગશે?*
*ખેતરે જઈ શેરડીનો રસ પીધો સાંઠા ચૂસી,*
*દિવ્ય એ અમૃત એના જેવી તૃપ્તિ આપશે?*
*દુઃખ હતું તેથી જ સુખ માણી શક્યા ધરતી ઉપર,*
*દુઃખ વિના સુખની મજા કેવી રીતે ત્યાં આવશે?*
*આ અહીં છે સ્વપ્ન ને સપનાં પછી છે જાગૃતિ,*
*સ્વપ્ન જો સાચું થશે તો જીવ ક્યાંથી જાગશે?*

- નીતિન પરીખ

**સ્વર્ગમાં ગયા પછી એની અગ્રતા આપણે ન પણ હોઈએ! કવિને સ્વર્ગમાં મિત્રોનો મેળો જમાવવો છે. જેવો મેળો આ પૃથ્વી ઉપર જામેલો છે. બે મિત્રો મળે છે ત્યારે આમ પણ, સ્વર્ગના આનંદનો પનો ટૂંકો પડે છે. જેમને કવિતા અને સંગીતમાં રસ હોય એમને ઉર્વશી અને મેનકાનાં નૃત્યમાં રસ પડે ખરો?**

કવિતા લખીને કવિ ધરતી ઉપર પોતાનું સ્વર્ગ રચી શકે છે. એની પોતાની દુનિયામાં રમમાણ રહી શકે છે. કાગળ ઉપર એ સમયની કુંડળી માંડે છે. દરેકની અંદર કવિ વસે છે. બહુ ઓછા હોય છે જે કવિમાં શ્વસે છે. સ્વર્ગની પળોજણ બધાને ખબર છે. **સમજણ આવી ત્યારથી બધાંને સ્વર્ગમાં જવું છે. સ્વર્ગમાં જવાની લ્હાયમાં ધરતી પરનું જીવન માણવાનું ચૂકી જવાય છે.** ધરતી પણ સ્વર્ગ છે એના રચયિતા આપણે બધાં જ છીએ. ખૂટવાની વાતનું લિસ્ટ બાજુ પર મૂકીએ તો જીવવાની મજામાં વધારો થાય. સ્વર્ગમાં છે તેના કરતાં વધારે આનંદ પૃથ્વી પર છે. એને માણવાના ક્લાસ નથી હોતા! સોશિયલ મીડિયા પર એની ચેનલ નથી હોતી! કે સર્ચ કરીને એને શોધી શકાતું નથી! **કવિ સ્વર્ગને ગઝલમાં ઉતારે છે અને દુન્યવી આનંદમાં ભીતરની શાંતિનો સરવાળો કરે છે.** તાગ મેળવે છે. સ્વર્ગ કરતાં વધારે મજા પૃથ્વી ઉપર છે, એને ગઝલના લયમાં ઘૂંટે છે. સ્વર્ગમાં ફાવશે કે નહીં? એનો વિચાર કર્યો છે? ન ફાવવાનું પહેલું કારણ સ્વર્ગમાં મિત્રોનો મેળો નહીં હોય તો? મિત્રને તો પહેલા સ્વર્ગ મળવું જોઈએ, પણ મિત્રોનો મેળો ન પણ હોય! સ્વર્ગમાં ગયા પછી એની અગ્રતા આપણે ન પણ હોઈએ! કવિને સ્વર્ગમાં મિત્રોનો મેળો જમાવવો છે. **જેવો મેળો આ પૃથ્વી ઉપર જામેલો છે. બે મિત્રો મળે છે ત્યારે આમ પણ, સ્વર્ગના આનંદનો પનો ટૂંકો પડે છે.** જેમને કવિતા અને સંગીતમાં રસ હોય એમને ઉર્વશી અને મેનકાનાં નૃત્યમાં રસ પડે ખરો? સ્વર્ગમાં તો બધું જ સૂરીલું છે. ધરતી ઉપર બેસૂરા અને સૂરીલાનો મેળ છે. ગાતાં ન આવડે એવાને ગણગણતાં તો આવડે જ. કવિતા સ્વર્ગમાં લખાઈ હોય એવા સમાચાર ક્યારેય સાંભળ્યા છે? સ્વરાંકન સ્વર્ગમાં થાય છે એના સગડ ક્યારેય મળ્યા છે? સ્વર્ગ સારું જ હશે, પણ ધરતીનું જગત વધારે પ્યારું છે. **ખેતરની શેરડીનો રસ સાંઠા ચૂસીને હવે ક્યાં પિવાય છે? બજારમાં તૈયાર મળે છે.** દાંતની સંભાળ ઊગતાંની સાથે રાખવી પડે- એવા દાંત ઊગે છે. જેમણે શેરડીના સાંઠામાંથી રસ ચૂસીને પીધો છે એ તમામ એના આનંદ વિશે જાણે છે. એ રસ આગળ સ્વર્ગનું અમૃત ફિક્કું ન લાગે? સ્વર્ગના અમૃત કરતાં વધારે તૃપ્તિ શેરડીના રસમાં નથી? સ્વર્ગમાં બધું જ છે, પણ મહેનતનો આનંદ નથી. દુઃખ માણી શકાય ત્યારે સુખ બને છે એ અવસ્થાને આપણે ધરતી કહીએ છીએ. **દુઃખ છે એટલે સુખની રાહ જોવામાં દિવસો પસાર થાય છે. સ્વર્ગમાં દુઃખ નથી તો પછી સુખથી છકી જવાશે-એની ચિંતા પણ થાય જ ને?** અતિ સુખ પણ દુઃખને જ આમંત્રણ આપે છે. સ્વર્ગમાં કંટાળો આવશે તો? સ્વપ્ન તો ધરતી ઉપર છે અને ધરતી ઉપર સ્વપ્ન જોઈને ચોખ્ખી થયેલી આંખોમાં જાગૃતિ છે. કવિ સ્વર્ગની ગઝલ સ્વપ્નમાં લખે છે - એવું માની લઈએ અને સ્વપ્ન સાચું પડી જાય તો ચહેરા પર જાગૃતિ આવી જાય. સ્વર્ગ શૂન્ય થઈને ભીતરની શાંતિ જોડે પોતાનું વર્તુળ પૂરું કરે! જે ધરતી ઉપર જીવે છે એની પાસે વિચારનો અને વિચાર્યા વગરનો આનંદ છે. એ જ સ્વર્ગ છે. સ્વર્ગ વિશે વિચારીએ ત્યાં જ ધરતી પર જીવવાનાં પગથિયાં ચૂકી જવાય છે. કવિ ગુજરાતી કવિતાને કાગળની ધરતી પર સ્વર્ગનું સપનું જોતી વાસ્તવિકતાથી આલેખે છે. આખીય ગઝલ જે મળ્યું છે એને વધુ ગાઢ રીતે માણવાની ગઝલ છે. બાકી તો, ચિનુ મોદી 'ઈર્શાદ'નો શેર છે. 'ધાર કે વેચાય છે સામી દુકાને સ્વર્ગ, પણ- કોણ ઓળંગે સડક આ ધારણાના નામ પર?' ■

ડો. ઉજ્જ્વલ પાટની
લેખક જાણીતા કોલમિસ્ટ છે.

# વાતચીતમાં આ ચાર ભૂલો ન કરશો!



વાતચીતથી બીજાને કેવી રીતે પ્રભાવિત કરી શકાય એ માટે આ ચાર બાબતો યાદ રાખવી.

**યોગ્ય 'ક્લોઝિંગ સ્ટેટમેન્ટ' ન આપવું :** કોઈ મિટિંગના અંતમાં અથવા કોઈના ઘરેથી બહાર નીકળતી વખતે તમે ક્લોઝિંગ સ્ટેટમેન્ટ ન આપો જેમ કે મજા આવી ગઈ, બહુ સારું હતું અથવા આજનો દિવસ સારો વીત્યો, તો સામેવાળી વ્યક્તિને લાગે છે કે તમે તેને મહત્ત્વ આપ્યું નથી. જો તમે સૌના પ્રિય બનવા માગતા હો તો તમારા ક્લોઝિંગ સ્ટેટમેન્ટ્સમાં વ્યક્તિ અથવા વસ્તુના વખાણ જરૂર કરો. **કોઈની સાથે વાત કરતી વખતે ફોન પર રહેવું :** કોઈ સમય કાઢીને તમને મળવા આવ્યું હોય અને તમે તેને સામે બેસાડીને તે જ સમયે ફોનમાં વ્યસ્ત રહેશો તો તે વ્યક્તિને એવું લાગશે કે તમને મળવા આવવા કરતાં તો ફોન પર વાત કરી લીધી હોત તો સારું હતું. જો કોઈ જરૂરી ફોન કે મેસેજ કરવો પડે તો સામેવાળી વ્યક્તિને જણાવીને કરો. **જાણે-અજાણે નિંદા કરી દેવી :** કોઈ નવી ગાડી લઈને આવ્યું અને ગાડીને જોઈને તેના વખાણ કરવાને બદલે તમે ગાડીના રંગને લઈને કોઈ ટિપ્પણી કરી દો. વિચારો, તેનાથી સામેવાળી વ્યક્તિના મનને કેટલી ઠેસ પહોંચશે. તમને તો લાગશે કે તમે પ્રામાણિકતાથી તમારો મત રજૂ કરી દીધો, પરંતુ શું ખરેખર તે મતની જરૂર હતી? શું કોઈએ તમારો મત માગ્યો હતો? યાદ રાખો, જ્યાં સુધી કોઈ સલાહ ન માગે ત્યાં સુધી તેને સલાહ ન આપશો. **બહુ નાનો કે એક શબ્દમાં ઉત્તર આપવો :** સામેવાળી વ્યક્તિ તમારામાં રસ દર્શાવીને તમારી સાથે વાતો કરે છે, પણ તમે તેને એક શબ્દમાં ઉત્તર આપો તો તેનાથી તેને અપમાન અનુભવાય છે. તેનાથી વાતચીત આગળ નથી વધી શકતી. સામાજિક ક્ષેત્રમાં તેનાથી તમે અપ્રિય થતા જાઓ છો. જે રીતે વધારે બોલવું નુકસાનકારક હોય છે, તે જ રીતે ઓછું બોલવું પણ નુકસાનકારક છે. તેનાથી સામેવાળી વ્યક્તિને લાગે છે કે તેને મહત્ત્વ જ નથી આપવામાં આવ્યું. આવું કરવાથી લોકો તમારા વિશે નકારાત્મક મત ઘડી લે છે. તેથી લોકોની સાથે વાતચીતમાં સંપૂર્ણપણે સામેલ થાઓ. ■

**[ સામેવાળી વ્યક્તિ તમારામાં રસ દર્શાવીને તમારી સાથે વાતો કરે છે, પણ તમે તેને એક શબ્દમાં ઉત્તર આપો તો તેનાથી તેને અપમાન અનુભવાય છે. તેનાથી વાતચીત આગળ નથી વધી શકતી. સામાજિક ક્ષેત્રમાં તેનાથી તમે અપ્રિય થતા જાઓ છો. ]**

**જે. કે. રોલિંગ**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# ૩૦૦ રૂપિયા સાથે ઘર છોડ્યું, ચલાવે છે ૭.૫ કરોડની કંપની

**મિસિસ ઈન્ડિયા બન્યા પછી ચીનુ મોડલ બની ચૂકી હતી અને એ પછી તેને ઘણી તક મળી. ફેશન ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવ્યા બાદ તેને લાગ્યું કે તે ફેશન જ્વેલરીમાં કંઈક કરી શકે છે.**

જે વ્યક્તિ અનેક અનેક તકલીફો આવ્યાં પછી પણ હિંમત નથી હારતી તેને મંજિલ સુધી પહોંચવાથી કોઈ રોકી શકતું નથી. આપણી આસપાસ એવી ઘણી કંપનીઓ છે જે એ વાતને સાબિત કરે છે. એમાંથી જ એક કંપની છે ચીનુ કાલાની.

**૧૫ વર્ષે ઘર છોડયું :**

ચીનુના કહેવાનુસાર તેના ઘરની સ્થિતિ એટલી સારી નહોતી. તેથી તેણે ઘર છોડવાનો નિર્ણય કર્યો. એ સમયે તેની પાસે ફક્ત બે જોડી કપડાં અને ૩૦૦ રૂપિયા હતાં. પહેલા બે દિવસ રહેવાની કોઈ જગ્યા ન મળવાથી તે ગભરાઈ ગઈ, પણ એક આશરે મળ્યો જ્યાં તે દરરોજ રાત્રે ૨૦ રૂપિયા આપીને એક ગાદલા પર સૂઈ જતી હતી.

**સેલ્સગર્લનું કામ કર્યું:**

જીવનનિર્વાહ માટે ચીનુએ સેલ્સગર્લનું કામ શરૂ કર્યું. તે ઘેર- ઘેર જઈને ચાકુ-છરીના સેટ, કોસ્ટર જેવી વસ્તુઓ વેચતી. એ માટે દિવસના તેને ૨૦થી ૬૦ રૂપિયા મળી જતા.

**૧૬ વર્ષે પહેલું પ્રમોશન :**

સેલ્સગર્લનું કામ કરતા તેને ૧ વર્ષ થઈ ગયું. ૧૬ વર્ષે તેને પહેલું પ્રમોશન મળ્યું. એ પછી તેણે ત્રણ છોકરીઓને ટ્રેનિંગ આપી. તેનો પગાર વધ્યો. ત્યારે તેને પહેલી વાર બિઝનેસવુમનનો અહેસાસ થયો. એ પછી તેણે એક રેસ્ટોરાંમાં ૬ વાગ્યાથી ૧૧ વાગ્ય સુધીની જોબ કરી. ★

**મિસિસ ઈન્ડિયા બની:**

૨૦૦૪માં અમિત કાલા સાથે તેણે લગ્ન કર્યા. અમિતના સપોર્ટથી લગ્નનાં ૨ વર્ષ પછી "મિસિસ ઈન્ડિયા" કોમ્પિટિશનમાં ભાગ લીધો અને આ સ્પર્ધા જીતી.

**પોતાની કંપની શરૂ કરી :**

મિસિસ ઈન્ડિયા બન્યા પછી ચીનુ મોડલ બની ચૂકી હતી અને એ પછી તેને ઘણી તક મળી. ફેશન ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવ્યા બાદ તેને લાગ્યું કે તે ફેશન જ્વેલરીમાં કંઈક કરી શકે છે. એ પછી ચીનુએ પૈસા ભેગા કર્યા. ધીરે-ધીરે પોતાનો બિઝનેસ સેટઅપ કર્યો અને તેણે 'ઈહ્વફ્રહજ- હ્લફ્રજૈૅહ છજ્ઞીજજૌજ' લોન્ચ કરી.

**૭.૫ કરોડની માલિક :**

એથનિકથી માંડીને વેસ્ટર્ન જવેલરી ઈહ્વફ્રહજ બનાવે છે. તેની કંપનીમાં ૨૨૯ રૂપિયાથી માંડીને ૧૦ હજાર સુધીની ફેશન જવેલરી મળે છે. ૨૦૧૬- ૧૭માં ચીનુની કંપનીએ લગભગ ૫૬ લાખની કમાણી કરી, જે એક જ વર્ષમાં વધીને ૩.૫ કરોડની થઈ. હાલમાં તે ૭.૫ કરોડની કમાણી કરે છે. ■





**રજની પટેલ**
લેખક જાણીતા કવિ અને વિદ્વાન સાહિત્યકાર છે



# સપ્તપદીની સાચી સમજ

પંડિત લગ્ન કરાવી શકે પણ લગ્ન પછીનું જીવન તો આપણે જ શીખવું પડે. જીવન જીવવાની કળાનાં કેટલાંયે પુસ્તકો બજારમાં મળે છે, પણ જીવન જીવવાની કળા તો આપણે જ આત્મસાત્ કરવી પડે છે. સંસ્કારની દવાના કોઈ મેડિકલ સ્ટોર હજી ખૂલ્યા નથી કે જ્યાંથી આપણે સંસ્કારને વેચાતા લઈ શકીએ. સમવયસ્કતા, સમવિચારસરણી, સમબંધન અને સમાન સંસ્કારિતા રચાય તો જ સપ્તપદીના સાચા અર્થની સમજ કેળવાય. **શુભ મુહૂર્ત અને અગ્નિની સાક્ષી આવા વાતાવરણને પ્રેરિત કરે છે. વર્તન તો આપણે જ વિકસાવવું પડશે.**

સાત પગલાં સાથે ભરવાથી જીવનનો પથ કપાઈ નથી જવાનો. જીવનનો પથ કાપતી વખતે સાત પગલાંની સમજ પ્રેરકબળ બની રહે છે. મનોવૈજ્ઞાનિક સજ્જતા પ્રાપ્ત કરવાનું માધ્યમ બની રહે છે. સપ્તપદી એટલે વર-કન્યાએ જીવનદાક્ષિણ્ય કેળવવા સાત પદોની સમજૂતી કેળવવાની હોય છે. પ્રવૃત્તિ અને સંસ્કૃતિને સમજવાની હોય છે. અગ્નિની સાક્ષી

> **સપ્તપદી એટલે વર-કન્યાએ જીવનદાક્ષિણ્ય કેળવવા સાત પદોની સમજૂતી કેળવવાની હોય છે. પ્રવૃત્તિ અને સંસ્કૃતિને સમજવાની હોય છે. અગ્નિની સાક્ષી કે હાજરી એ જીવનને નવો પ્રકાશ આપવાનો સંકેત છે.**

કે હાજરી એ જીવનને નવો પ્રકાશ આપવાનો સંકેત છે. અવિચારી, અમંગલકારી વિચારોની આહુતિ આપી જીવનયજ્ઞમાં સારા વિચારો, સારી અનુભૂતિ અને સારા સહવાસની **મનોકામના મંગલકારી બને તેવા વિચારોને**

**ભેગા કરી ભાથું બાંધવાની પ્રક્રિયા છે.**

ક્યારેક એવું બને કે લગ્નની વિધિ દરમિયાન બોલવામાં આવતા સપ્તપદીના શ્લોકોની નજીક હોવા છતાંય આપણે અજાણ બનીને, વિચારી શક્તા હોવા છતાંય અવિચારી વર્તન કરવાનું આપકાને કોઠે પડી ગયું હોય છે. મેળવવાના સમયે આપણે સમજણનો વિચ્છેદ કરીને અણસમજનું અણછાજતું વર્તન કરી બેસીએ છીએ. સંસ્કૃતના શ્લોકોમાં પણ રસ છે અને તેનાથી વધારે રસ ગવાતાં મંગળગીતોમાં હોય છે. એનાથી એક ડગલું આગળ વધીએ તો ડિસ્કો-રાસ-ગરબા અને આવેલા આમંત્રિતોના ઘોંઘાટમાં પણ આપણે રસ લઈએ છીએ **અને એટલે જ મેળવવાની મહત્ત્વની વસ્તુ પડખે રહી જાય છે.**

સપ્તપદીના સાત પગલાં ભરતી વખતે કન્યા પતિ સમક્ષ સાત પ્રતિજ્ઞા કરે છે અને પતિ પ્રતિવચન દ્વારા આ સાત પ્રતિજ્ઞાનો પ્રતિઉત્તર આપી પ્રતિબદ્ધ થાય છે. પણ ન જાણે કેમ એ પ્રતિજ્ઞાઓને સાર્થક કરવામાં આપણે નિષ્ફળ જઈએ છીએ. સાત પગલાં એટલે માત્ર વૈદિક મંત્રોચ્ચારની વાત નહીં પણ અહીં આપણે મનમિલાપના મંત્રોચ્ચારની વાત સમજવાની છે. માનસિકતા અને મનોબળને મક્કમ કરવા ઉચ્ચારાતા મંત્રોચ્ચારની વાત છે. શુભ અને અશુભને અલગ તારવવાની વાત છે. સંભવ છે કે જૂના જમાનામાં **રચાયેલી સપ્તપદીમાં નવા વિચારોના ફાલનો ઉમેરો કરવો પડે, પણ એ વિચારો શુભત્વ તરફ પ્રયાણ કરાવે તેવા હોય તો આવકાર્ય છે.**

સપ્તપદીનાં સાત પગલાંના શ્લોકોનું અહીં ગુજરાતી ભાષાંતર આપેલ છે.

**કન્યા પક્ષની પ્રતિજ્ઞાઓ**

(૧) હે પતિદેવ! તમારાં સુખ-દુઃખમાં હું ભાગીદાર બનીશ. તમે જ્યાં અને જેવી રીતે રહેશો ત્યાં હું પણ રહીશ.

(૨) હે નાથ! બાળકો, વૃદ્ધો વગેરે ઘરનાં બધાંને હું સાચવીશ. ઘરમાં કોઈ વસ્તુ હોય કે ન હોય તો પણ હું સંતોષ માનીશ.

(૩) હે પતિદેવ! તમને જ દેવ માનીને તમારી ભક્તિ કરીશ. હંમેશાં બધા સાથે પ્રિય વાણી બોલીશ.

(૪) હે નાથ! તમે દુઃખી હશો ત્યારે હું દુઃખી થઈશ. તમારા સુખમાં હું ભાગીદાર બનીશ.

(૫) ઋતુકાળ પ્રાપ્ત થયા પછી સ્નાનથી પવિત્ર થઈ આપની સાથે રતિક્રિડા કરીશ. બીજા કોઈ પુરુષનો વિચાર સુધ્ધાં નહીં કરું.

(૬) હે દેવ! વિષ્ણુ ભગવાનની સાક્ષીએ કહું છું કે હું આપણા બન્ને વચ્ચે પ્રીત વધે તેમ વર્તીશ.

(૭) હોમ, યજ્ઞ વગેરે ધર્મ, અર્થ અને કામનાની સિદ્ધિ માટેનાં તમામ કાર્યોમાં હું તમને સહાયરૂપ થઈશ.

**વર પક્ષની પ્રતિજ્ઞાઓ**

(૧) હે સુભગ! તું મારા ઘરની અધિકારિણી છે. ઘરમાં બધાંને સુખ પ્રાપ્ત થાય તે માટે તું પ્રયત્ન કરજે અને બધી વસ્તુઓની સંભાળ રાખજે.

> **સપ્તપદીના સાત પગલાં ભરતી વખતે કન્યા પતિ સમક્ષ સાત પ્રતિજ્ઞા કરે છે અને પતિ પ્રતિવચન દ્વારા આ સાત પ્રતિજ્ઞાનો પ્રતિઉત્તર આપી પ્રતિબદ્ધ થાય છે. પણ ન જાણે કેમ એ પ્રતિજ્ઞાઓને સાર્થક કરવામાં આપણે નિષ્ફળ જઈએ છીએ.**

(૨) હે સ્ત્રી! તને તારા આ ઉમદા ભાવના ધરાવતા કાર્યમાં ઈશ્વર સહભાગી થાય અને બળ આપે. તારા બળના સહારે હું પણ બળવાન બનીશ.

(૩) હે કલ્યાણી! મારા ઘરની સંપત્તિ સાચવનારી અને વધારનારી તું જ છે અને તે બધાની તું જ અધિકારિણી છે.

(૪) તું મારા સુખને વધારનારી છે માટે મારા ઘરની તું અધિકારિણી છે!

(૫) હે સ્ત્રી! તું ભુરાદિ પંચલોકના લોકપાલોની કૃપાથી સુખોને સાચવનારી થા, કારણ કે એ બધા જ તારે આધીન છે.

(૬) હે સ્ત્રી! ઋતુકાળ પ્રમાણે ભોગવવાનાં તમામ સુખ તને મળે તેવો હું પ્રયત્ન કરીશ.

(૭) હે સ્ત્રી! પતિવ્રત ધર્મનું પાલન કરનારી હોવાથી અને મારી આજ્ઞાનું પાલન કરનારી હોવાથી મારાં અનેક સુખ ભોગવીશ.

સપ્તપદીનાં સાત પગલાંને સમજીને જીવનમાં ઉતારવા દૃઢ સંકલ્પ કરીએ છીએ કે સપ્તપદીના પહેલા ચરણમાં સુખ અને દુઃખમાં અમે બંને સાથે રહેવાં બંધાયેલાં છીએ. મન અને મમતાને સાથે રાખીને તમામ સુખ અને દુઃખમાં સાથ નિભાવીશું. પરિસ્થિતિને પામીશું. અનુકૂલન સાધીશું. **ઓતપ્રોતની ભાવનાથી એકબીજાંમાં ઓગળી જઈશું.**

સપ્તપદીનું બીજું ચરણ અમને કૌટુંબિક ભાવજગતના પાઠ શીખવે છે. ઘરનાં વડીલો, બાળકો, વૃદ્ધોની સેવા, માન અને મર્યાદા જાળવીને ઘરને આનંદમય બનાવીશું. હોવા ન હોવાની સૂક્ષ્મ **ભેદરેખાને અમે બંને સમજીશું. સંતોષમાં જ સુખ સમાયેલું છે એને આત્મસાત્ કરીશું.**

અમે જાણીએ છીએ કે પતિ એ જ પરમેશ્વર છે અને પત્ની ઘરની લક્ષ્મી છે. પ્રેમ પામવા અડગ શ્રદ્ધાની જરૂર છે. મન, વચન અને કર્મથી પ્રેરાઈને **અમે પ્રેમ એ જ ભગવાન છે એમ વિચારી જીવન વિતાવીશું.**

સુખ અને દુઃખ વધારવું કે ઘટાડવું એ કુટુંબના સભ્યોના હાથમાં છે. સુખ અને દુઃખ બજારમાં વેચાતી ચીજ કે વસ્તુ નથી. તેની ઉત્પત્તિ મનના ઊંડાણમાંથી જ થાય છે, **તે અમે બરાબર જાણીએ છીએ.**

ઋતુકાળ દરમિયાન પત્નીએ સાચવવાના સ્ત્રીધર્મ અને પુરુષ દ્વારા આવા સમય દરમિયાન સંયમિત જીવન જીવવાની વાતને અમે સમજ્યાં છીએ. ધર્મ અને વિજ્ઞાનનો સમન્વય કરી એનું મહત્ત્વ અમે સમજીશું. અન્ય પુરુષ અથવા અન્ય સ્ત્રીનું **અમારાં અંગત જીવનમાં આગમન એ આગ સમાન છે એ પણ સમજીશું.**

હોમ, હવન, યજ્ઞ અને ધાર્મિક ક્રિયાઓમાં અમારા બંનેના વિચારો શુદ્ધ રાખીને એકબીજાંના પ્રેમ અને પ્રીતની **પરિકલ્પનાને વાસ્તવિક જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીશું.** ■

# SWARNIM DHARTI




## 3 BHK MAJESTIC LIVING & RETAIL SPACES

PROJECT BY

GOLDEN DHARTI
INFRASTRUCTURE

**Site : Swarnim Dharti, Nr. Sardar Dham, Vaisnodevi Circle S.P. Ring Road, Ahmedabad - 382 421**

Booking Contact :
**89800 06032, 89800 06042**

swarnimdharti@gmail.com
www.swarnimdharti.com

RERA REG. No.: PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA /MAA08640/170621
www.gujrera.gujarat.gov.in

# આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાન અંતર્ગત
# સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલન

## રાષ્ટ્રચેતના મહાસંમેલનમાં વિરાટ માનવ મહેરામણ :-



આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરવાના અભિયાન અંતર્ગત વિશ્વ ઉમિયાધામમમાં વિશ્વના સૌથી ઊંચા (૫૦૪ ફૂટ) જગતજનની મા ઉમિયાના મંદિરનું નિર્માણ કાર્ય ગતિપૂર્વક ચાલી રહેલ છે, ત્યારે આજની તેમજ ભાવિ પેઢીમાં યોગથી આધ્યાત્મિક ચેતના અને આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતના પ્રજ્વલિત થાય તેવા મહાન ઉદ્દેશ્યથી અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯ મી જન્મજયંતિ (૩૧ ઓક્ટોબર) ના દિવ્ય અને ભવ્ય રુપથી મનાવવાનો ઐતિહાસિક નિર્ણય વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવ્યો હતો. આ નિર્ણયના અનુસંધાને વિશ્વ ઉમિયાધામ - અમદાવાદમાં સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલનનું ભવ્ય અને વિરાટ આયોજન સમ્પન્ન થયું. જેમાં ૫૦ હજારથી વધારે જેટલી જનમેદની ઉમટી પડી હતી.



સરદાર વલ્લભભાઈ પટેલે દેશના ૫૬૨ રજવાડાઓનું વિલીનીકરણ કરી અખંડ ભારતના નિર્માતા બન્યા હતા. પરંતુ વર્તમાન સ્થિતિએ દેશની એકતાને તોડવા માટે રાષ્ટ્ર વિરોધી પરિબળો સક્રિય થયા છે. રાષ્ટ્ર ચેતના પણ કમજોર થતી નજરે પડે છે. આવી સ્થિતિમાં આધ્યાત્મિક ચેતના થકી રાષ્ટ્ર ચેતના પ્રજ્વલિત કરવાના ઉદ્દેશ સાથે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આ અનોખી પહેલ કરવામાં આવી છે.

## મેરી મિટ્ટી - મેરા દેશ - મેરા ધર્મના નારા સાથે ૧૦,૦૦૦ કાર રેલી તેમજ શૌર્ય શસ્ત્ર પૂજા :-



રાષ્ટ્ર ચેતના દેશની જનતાને સંગઠિત કરે છે અને રાષ્ટ્રહિત માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરવાની ભાવના ઉજાગર કરે છે. રાષ્ટ્રચેતના મહાસંમેલન અંતર્ગત રાષ્ટ્રીય એકતા દિવસ અને સરદાર સાહેબની ૧૪૯ મી જન્મજયંતિના દિવસે ગુજરાતના અલગ - અલગ શહેરોમાંથી ૧૦,૦૦૦ કાર રેલી તેમજ શૌર્ય શસ્ત્ર પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે સંસ્થા માટે ગૌરવપૂર્ણ બાબત છે. આ રેલીમાં હજારો યુવાનો **मेरी मिट्टी, मेरा देश, मेरा धर्म** ના પવિત્ર નારા સાથે જોડાયા હતા. રાષ્ટ્ર ચેતના માટે આ પ્રકારના સંમેલનનું આયોજન આઝાદી પછી પ્રથમ વખત થયું હતું, જેના માટે પણ સંસ્થા ગૌરવ અનુભવે છે.

ગુજરાતના વિભિન્ન શહેરો અને ગામમાંથી તથા અન્ય રાજ્યોમાંથી કાર રેલી દ્વારા આવેલા હજારો યુવાનો પોતાના ગામ - શહેરની પવિત્ર માટીને કળશમાં ભરીને આવ્યા હતા. આ તમામ કળશમાં આવેલ માટીની પૂજાવિધિ કરી વિશ્વ ઉમિયાધામ દ્વારા નિર્માણાધીન મા ઉમિયાના વિશ્વના સૌથી ઊંચા મંદિરના ગર્ભગૃહમાં પધરાવવામાં આવશે, ત્યારે આ પંક્તિઓ સૌને વાગોળવાનું મન થશે -

"મારા વતનની ધન્ય ધરાની સુગંધ મારા શ્વાસમાં,
મૂઠ્ઠી માટી મારા ગામની વેરાય વિશ્વ ઉમિયાધામમાં."

આજે જ્યારે આપણી માટી, આપણો દેશ, આપણો સનાતન ધર્મ અને આપણા સાંસ્કૃતિક વારસાને બચાવવાની - સુરક્ષિત રાખવાની સૌથી વધારે જરૂર છે, ત્યારે રાષ્ટ્ર ચેતના પ્રગટાવવા માટે "મેરી મિટ્ટી, મેરા દેશ, મેરા ધર્મ" ના સૂત્રની સાર્થકતા અનેકગણી વધી જાય છે.

### સરદાર પટેલ ગૌરવગાથા :-

સરદાર પટેલ સ્વયં રાષ્ટ્ર ચેતનાનું પ્રતિક છે, ત્યારે દેશની પ્રવર્તમાન પરિસ્થિતિમાં રાષ્ટ્ર ચેતનાને ઉજાગર કરવાના સંકલ્પ સાથે સરદાર સાહેબના જીવન અને કવનનું સ્મરણ કરવું અત્યંત આવશ્યક છે. પ્રખર દેશભક્ત સરદાર સાહેબની પાવન સ્મૃતિમાં દેશભક્તિની મશાલ પ્રજ્વલિત કરી ગૌરવાન્વિત થઈ કૃતજ્ઞ ભાવથી વંદન કરવા તેમના જન્મદિન (૩૧ ઓક્ટોબર) ના અવસરે સંસ્થા દ્વારા સરદાર પટેલ ગૌરવગાથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવગાથાનું ગાન કરવા માટે વક્તા તરીકે પ્રસિદ્ધ મોટીવેશનલ સ્પીકર અને લેખક શ્રી શૈલેષભાઈ સગપરિયા પધાર્યા હતા. તેઓએ સરદાર સાહેબ જીવનના વિવિધ પાસાંઓને રસાળ શૈલીમાં રજૂ કરી ઉપસ્થિત જનમેદનીને ત્રણ કલાક સુધી જકડી રાખી હતી. અનેક દૃષ્ટાંતો દ્વારા સરદાર સાહેબના રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત જીવનને બખૂબી રજૂ કર્યું હતું.



### વિશ્વ ઉમિયાધામ દ્વારા ઈતિહાસમાં પ્રથમવાર રાજવી વંશજોનું સન્માન :-

આઝાદી બાદ અખંડ ભારતના નિર્માણમાં જે રાજવીઓએ સરદાર સાહેબની વાતમાં વિશ્વાસ મૂકીને પોતાના રજવાડાં ભારતમાતાની ગોદમાં સમર્પિત કરી દીધા હતા તેવા રાજવીઓના વર્તમાન વારસદારોને આમંત્રિત કરી તેમનું ભવ્ય અને ગરિમાપૂર્ણ સન્માન ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજવી વારસદારોએ જ્યારે સભા સ્થળે પ્રવેશ કર્યો ત્યારે ઢોલ-નગારાના તાલ સાથે મંચ ઉપર લાવવામાં આવ્યા હતાં. આ ઐતિહાસિક ક્ષણને ઉપસ્થિત હજારો લોકોએ તાળીઓના હર્ષનાદ તથા દેશભક્તિના સૂત્રોચ્ચારથી વધાવી લીધી હતી. લોકો સંપૂર્ણપણે રાષ્ટ્ર ચેતનાના રંગમાં રંગાઈ ગયા હતા. રાષ્ટ્ર ચેતના પ્રજ્વલિત કરવાનો વિશ્વ ઉમિયાધામનો સંકલ્પ જાણે મૂર્તિમંત થઈ રહ્યો હતો. રાજવીઓ પ્રત્યે અને સરદાર સાહેબ પ્રત્યેના કૃતજ્ઞતાના ભાવથી લોકો રીતસર ભીંજાય ગયા હતા. સંસ્થાના પ્રમુખશ્રી આર.પી.પટેલ સાહેબ અને તેની સમગ્ર ટીમ પોતાનું સ્વપ્ન સાકાર થતાં ગદ્‌ગદિત બની ગયા હતા.



સરદાર સાહેબે માત્ર ૭૩ દિવસમાં ૫૬૨ રજવાડાંને ભેગા કરી દેશના ટૂકડા થતાં અટકાવ્યા હતા. આ રજવાડાંઓએ દેશ માટે આપેલ સમર્પણનો ઋણ સ્વીકાર કરવા અને યુવા પેઢીને આ સંસ્મરણો તાજા કરાવવા આ કાર્યક્રમ યોજાયો હતો.

આઝાદી બાદ પહેલી વખત દેશના રાજવી વંશજો એક મંચ પર આવ્યા હતાં, કારણ કે કોઈએ આ પ્રકારનો પ્રયત્ન જ કર્યો નહોતો, ત્યારે વિશ્વ ઉમિયાધામ દ્વારા પહેલીવાર આ ઐતિહાસિક કાર્યક્રમનું આયોજન હાથ ધરેલ. ૫૦ થી વધારે રાજવી વારસદારોનું સન્માન કરવામાં આવેલ. જેમાં રાજસ્થાનના ઉદયપુરના પ્રિન્સ અને મહારાણા પ્રતાપના વંશજ ડો. લક્ષ્યરાજસિંહ મેવાડ (જેના નામે સાત વિશ્વ વિક્રમ છે), છત્રપતિ શિવાજી મહારાજના વંશજ યુવરાજ શ્રીમંત સંભાજી રાજે (કોલ્હાપુર), મહારાજા કૃષ્ણકુમાર સિંહજીના વંશજ વિજયરાજસિંહજી (ભાવનગર), મહારાજા હિમાંશુકુમારસિંહજી જ્યોતેન્દ્રસિંહજી (ગોંડલ), કે. એસ. યાદવેન્દ્રસિંહજી (ગોંડલ), મહારાણા રાજસાહેબ કેશરીસિંહજી (વાંકાનેર), ડી. એસ. પુંજાબાપુવાળા (માંડવડ), કે. એસ. અર્જુનસિંહ (ગઢુલા), જેતપુરના વીર ચાંપરાજ વાળાના વંશજ, ઉપરાંત રાજસ્થાનના જોધપુર, સિરોહી, બાંસવાડા, રોહેતગઢ, પિસાંગન - અજમેર, નાચના - જેસલમેર, ઓરિસ્સાના કાલાહાંડી, જગન્નાથપુરી, બસ્તર, મધ્યપ્રદેશના રીવા, છત્તીસગઢના જાસપુર તથા ગુજરાત સહિત દેશના વિવિધ રજવાડાંઓના વારસદારોનું સન્માન કરવામાં આવ્યું હતું.



માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ ગૃહમંત્રીશ્રી, પ્રદિપસિંહ જાડેજા, પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઈફ્કો - ગુજકોમાસોલના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, કેબીનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, સંસ્થાના ૬૨ કરોડના લક્ષ્મીદાતા નદાસા પરિવાર - મુંબઈના શ્રી નવિનભાઈ પટેલ અને અજીતભાઈ પટેલ, માન. મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા, VUF ઈન્ટરનેશનલ કાઉન્સિલના ચેરમેનશ્રી બિશ્વનાથ એન. પટનાયક (મુંબઈ) તથા અન્ય મહાનુભાવો રાજવી વારસદારોના સન્માન-સમારોહમાં જોડાયા હતા. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે દેશ-વિદેશમાંથી મહાનુભાવો તેમજ સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, સંગઠનના ભાઈઓ-બહેનો પધાર્યા હતા.





**ડો. પ્રશાંત ભીમાણી**
લેખિકા જાણીતાં કોલમિસ્ટ છે

# જાણો છો, તમાકુના ખેતરને વાડ કેમ નથી હોતી?



હવે તો ટુરિસ્ટ બસવાળાએ પણ કહી દીધું, 'તમારે આવવું હોય તો બે મિનિટમાં આવી જાવ નહીં તો સાઈટ સીઈંગ માટે બસ ઉપડી જશે.' આખી બસ અને જનકભાઈનો પરિવાર છેલ્લા અડધો કલાકથી હોટલના રૂમની બહાર રાહ જોઈ રહ્યો હતો પણ જનકભાઈ 'પેટ સાફ કરવાની' મથામણમાં બિઝી હતા. **મોડું થવાનું કારણ એ હતું કે એમનો પ્રિય કાચી પાંત્રીસનો તમાકુનો મસાલો અને ફેવરિટ બ્રાન્ડની સિગારેટ ખલાસ થઈ ગયાં હતાં.** છેલ્લાં વીસ વર્ષથી તમાકુમય થઈ ગયેલા જનકભાઈ એટલા જબરદસ્ત એડિક્ટ થઈ ગયા હતા કે જ્યાં સુધી તમાકુ મોંઢામાં ન ચાવે ત્યાં સુધી તેમને ઝાડો 'સાફ' ન આવે. આવું તો દરરોજનું હતું અને આવા એક નહીં, પણ કેટલાય જનકભાઈઓ ભારતભરમાં વસે છે. તમને ખબર છે, આજે 'વર્લ્ડ નો ટોબેકો ડે' છે. **આશ્ચર્યની વાત તો એ છે કે વિશ્વભરમાં દર વર્ષે આશરે ૬૦ લાખથી વધુ મૃત્યુ માત્ર તમાકુને કારણે થાય છે.** કહેવાનો અર્થ કે આટલી મોટી

**[ જ્યારે વ્યક્તિ તમાકુ લે છે ત્યારે અચાનક ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ કૃત્રિમ રીતે વધે છે. મૂડ સુધરતો હોય તેવું લાગે છે ]**

સંખ્યામાં થતાં મૃત્યુ ટી.બી., એચ.આઈ.વી. અને મેલેરિયાથી થતાં કુલ મૃત્યુ કરતાં પણ વધુ છે. વપરાશની દૃષ્ટિએ ભારત વિશ્વમાં બીજા નંબરનો સૌથી વધુ તમાકુ વાપરતો દેશ છે. વસ્તીનાં ત્રીસ ટકા લોકો તમાકુના બંધાણી છે. ભારતમાં ૧૯૭૫થી સિગારેટનાં પેકેટ ઉપર હેલ્થ વૉર્નિંગ બતાવવી ફરજિયાત કરવામાં આવેલી છે. ૨૦૦૮થી પબ્લિક પ્લેસીસમાં સ્મોકિંગને પ્રતિબંધિત કરવામાં આવ્યું છે. **તેમ છતાં બીડી અને પાઉચ સ્વરૂપે આજકાલ તમાકુનું ચલણ ગ્રામીણ અને શહેરોમાં ચરમસીમાએ છે.** ધુમાડો કરતાં તમાકુમાં સિગારેટ્સ, સિગાર, ચિલમ, હુક્કા અને ધુમાડા વગરના તમાકુમાં ખૈની, ટૂથપેસ્ટ, છીકણી વગેરે વપરાય છે. બીડી કે સિગારેટના ધુમાડાથી સ્મોકિંગ નહીં કરતા લોકોને જે નકારાત્મક અસરો થાય છે તેઓ પેસિવ સ્મોકર કહેવાય છે. આ પેસિવ સ્મોકિંગના લીધે દર વર્ષે ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે. સિગારેટના ધુમાડામાં ચાર હજારથી વધુ કેમિકલ્સ હોય છે, જેમાંના ૨૫૦ અત્યંત હાનિકારક મતલબ કેન્સર કરે તેવાં રસાયણો હોય છે. જ્યારે આ ધુમાડો ઘરની દીવાલો, પડદા, સોફા, ટેપેસ્ટ્રી, ખોરાક, ફર્નિચર, બારી-બારણાં વગેરેમાં ચોંટે છે, ત્યારે પણ તૃતીય કક્ષાની અસરો જન્માવે છે. જેને 'થર્ડ હેન્ડ સ્મોક' કહેવાય છે.



માથાનો દુઃખાવો, ગભરામણ, ડિપ્રેશન અને બેચેની ઉપરાંત સેક્સ લાઈફ ઉપર પણ નેગેટિવ અસરો થાય છે. સારી સેક્સ્યુઅલ હેલ્થ માટે યોગ્ય બ્લડ સર્ક્યુલેશન જરૂરી છે. **તમાકુને લીધે ઇન્દ્રિયની લોહીની નળીઓ સંકોચાય છે. એથી ઉત્તેજનામાં મુશ્કેલીઓ થાય છે.** નપુસંકતા આવી શકે છે. સ્મોકિંગથી સ્પર્મનું ડીએનએ પણ નુકસાન પામે છે, જે આખરે નપુસંકતામાં પરિણમે છે. ઇ-સિગારેટ કે વેપ એટલી જ ખતરનાક છે. શું તમે જાણો છો કે, સિગારેટના ધુમાડામાં નિકોટિન સિવાય પણ અન્ય ૭૦૦૦ જેટલાં હાર્મફુલ કેમિકલ્સ હોય છે, જેનાથી ફેફસાં, શ્વાસનળી, સ્વરયંત્ર, મૂત્રાશય (બ્લેડર), પેનક્રિયાઝ, સ્ટમક, લિવર અને કિડનીનું કેન્સર થઇ શકે છે. તમાકુની ભયાનક અસરોથી બધાં જ વાકેફ છે. પણ, એને છોડી શકતા નથી. આ માટે મનોવૈજ્ઞાનિક મદદ જરૂરી છે. **જો મનોબળ મક્કમ કરાય તો**

**આની અસરો શ્વસન તંત્ર, રૂધિરાભીષણ તંત્ર અને અન્ય મહત્ત્વનાં તંત્રો પર થાય છે. તમાકુને કારણે થતું ગળાનું, ફેફસાનું, જીભનું, આંતરડાનું કેન્સર ખૂબ કોમન છે.** યાદશક્તિની તકલીફો, મૂડના ચઢાવ-ઉતાર, આંખોની મુશ્કેલીઓ, કિડનીની બીમારીઓ તેમજ હૃદયરોગને તમાકુ સીધું નિમંત્રણ આપે છે. સેક્સની સમસ્યાઓ તેમજ વર્તન સમસ્યાઓ બહુ ઝડપથી શરૂ થઈ જાય છે. તમાકુમાં રહેલું નિકોટિન નામનું રસાયણ આ એડિક્શન માટે જવાબદાર છે, જેના પર સમય જતાં શારીરિક અને માનસિક પરાવલંબન થઈ જાય છે. એનું કારણ છે કે આ નિકોટિનની સીધી અસર સેન્ટ્રલ નર્વસ

**પેસિવ સ્મોકિંગના લીધે દર વર્ષે ૬૦ લાખ લોકો મૃત્યુ પામે છે. સિગારેટના ધુમાડામાં ચાર હજારથી વધુ કેમિકલ્સ હોય છે, જેમાંના ૨૫૦ અત્યંત હાનિકારક મતલબ કેન્સર કરે તેવાં રસાયણો હોય છે. જ્યારે આ ધુમાડો ઘરની દીવાલો, પડદા, સોફા, ટેપેસ્ટ્રી, ખોરાક, ફર્નિચર, બારી-બારણાં વગેરેમાં ચોંટે છે, ત્યારે પણ તૃતીય કક્ષાની અસરો જન્માવે છે.**

સિસ્ટમ પર થાય છે. મગજના સેરેબ્રલ કોટેક્સ અને લિંબિક સિસ્ટમ નામના પ્રદેશોમાં તેની અસર થાય છે. ડોપામિન તેમજ અન્ય ચેતા-રસાયણની કામગીરી પર નિકોટિનની વિશેષ અસર જોવા મળે છે. જ્યારે વ્યક્તિ તમાકુ લે છે ત્યારે અચાનક ધ્યાન કેન્દ્રિત કરવાની શક્તિ કૃત્રિમ રીતે વધે છે. નવું શીખવાની પ્રક્રિયા તેમજ સમસ્યાનો ઉકેલ સરળ લાગે છે. મૂડ સુધરતો હોય તેવું લાગે છે, ચિંતા ઘટતી હોય તેવું અનુભવાય છે, નિરાશા હળવી બનતી લાગે છે, **પણ યાદ રાખો આ બધા ફાયદા કૃત્રિમ, ટૂંકા ગાળાના અને છેતરામણાં છે.** જેવી તમાકુની અસર ઓછી થાય કે તરત જ વ્યક્તિ ભયંકર તાણ અને વધુ નેગેટિવ ઈમોશનલ સ્થિતિમાં પહોંચી જાય છે. ફરી પાછી એ જ કૃત્રિમ કીક મેળવવા તમાકુ લેવાય છે અને આ ચક્કર ચાલ્યા જ કરે છે. હાર્ટ ડિસીઝ, કેન્સર, શ્વાસની તકલીફો, સ્ટ્રોક અને ડાયાબિટીસ ઉપરાંત ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલીઓ,

**અવશ્યપણે ફાયદો થાય છે. તમાકુ છોડવા માટે વૈજ્ઞાનિક પ્રયત્નો કરવા બહુ જરૂરી છે.** તેમાં સાદી સલાહથી માંડીને ગ્રૂપ કાઉન્સેલિંગ મદદરૂપ થઈ શકે છે. સાયકોથેરાપી, હિપ્નોથેરાપી તેમજ કેટલીક દવાઓ આ માટે અસરકારક નિવડે છે. ક્યારેક પ્રમાણ ઓછું કરવા નિકોટિન ગમ, નિકોટિન પેચ, નેસલ સ્પ્રે કે નિકોટિન રિપ્લેસમેન્ટ થેરાપી ઉપયોગમાં લેવાય છે. અલબત્ત, એટલું નક્કી છે કે તમાકુના વ્યસનીને તમાકુ છોડવાની ઈચ્છા અને તૈયારી હોવી જોઈએ નહીતર પ્રયત્નો નિષ્ફળ જવાની ઘણી સંભાવના છે. **સરકારના અવેરનેસ પ્રોગ્રામ વધુ પ્રભાવશાળી અને અસરકારક થાય તે જરૂરી છે.** તમાકુને છોડો નહીતર એ તમને જીવતાં નહી છોડે. જાનવરો પણ જાણે છે કે તમાકુ ના લેવાય. એટલે જ તો એના ખેતરને વાડ નથી હોતી. **વિનિંગ સ્ટ્રોક :** સ્મોકિંગની સૌથી મોટી સાઈડ ઈફેક્ટ મૃત્યુ છે, તમાકુ લેનારા મહાનુભાવો.... એ તમને ચાલશે? ■

**મણિલાલ એમ. પટેલ**
લેખક રાજકીય વિશ્લેષક, તંત્રી - ગ્રામગર્જના અને પ્રખર ગાંધીવાદી રાષ્ટ્રભક્ત છે.



# મંદિરોમાં સોનાના ચળકાટે ચોરીઓ વધારી



નાનાં-મોટાં ગામની ભાગોળે કે વનવગડામાં આવેલાં માતાજી કે ભગવાનનાં મંદિરોમાં નાની-નાની ચોરીના સમાચારો તો અવારનવાર આવતા જ રહે છે, પણ હમણાંથી ભારે સુરક્ષા વચ્ચે રહેતાં મોટાં ને જાણીતાં મંદિરોમાં સોનાની ચોરીની ઘટનાઓ બહાર આવવા લાગી છે. નાનાં ગામડાના છેવાડાનાં મંદિરોમાં તો સુરક્ષા હોતી નથી, એટલે નાની ચોરીઓ થતી રહે છે અને **તે ચોર પણ આર્થિક જરૂરિયાતોવાળો નાનો ઘરફોડિયો સ્થાનિક ચોર કે ટોળકી મોટા ભાગે હોય છે,** પણ તાજેતરમાં કેદારનાથ મંદિર કે મહુડીના મંદિરની ચોરી તથા નેપાળના પશુપતિનાથના મંદિરની સોનાની ચોરીની ઘટનાઓ ચોંકાવનારી છે, કેમ કે અહીં કોઇ નાનો કે ઘરફોડિયો ચોર કે ટોળકી મંદિર સુધી ચોરી કરવા જઇ શકે તે શક્ય જ નથી, કેમ કે ભારે મજબૂત ને કડક સુરક્ષા વ્યવસ્થા ત્યાં હોય છે, ત્યારે મોટાં મંદિરોના વહીવટદારો પર શંકાની સોય જાય છે. **ભ્રષ્ટાચાર ને ચોરીમાં માણસો ભગવાનને પણ છોડતા નથી** ત્યારે થાય છે કે તેઓ સાચો ધર્મ સમજ્યા જ નથી. આપણે ત્યાં વહીવટદારોની સાથેસાથે સંન્યાસીઓ પણ મિલકતો ને સંપત્તિના મોહમાંથી મુક્ત થયા નથી ને અનેક ધાર્મિક જગ્યાઓના વિવાદો અદાલતોમાં પહોંચ્યા છે ને કહેવાતા ધર્મપુરુષો મંદિર કે મઠને બદલે જેલમાં છે. **આવી ઘટનાઓ માણસની ધર્મ પ્રત્યેની શ્રદ્ધાને ડગમગાવી મૂકે છે.**

મંદિરોમાં વધતી ચોરીઓ પાછળ વધતી જતી મંદિરોની સંખ્યા અને મંદિરોમાં વધતો સોનાનો ચળકાટ વધુ જવાબદાર છે. બૌદ્ધ મંદિર કે મસ્જિદોમાં ભાગ્યે જ ચોરી થાય છે, કેમ કે ત્યાં ભગવાન પાસે ખાસ સોનું હોતું નથી. જલારામ બાપા કે સાંઇબાબા જેવા અત્યંત સાદગીને વરેલા સમાજકલ્યાણી સંતોનાં મંદિરોમાં પણ હવે ઠાઠમાઠ જોવા મળે છે. સુદામાના તાંદુલ, શબરીનાં બોર કે વિદુરની ભાજીથી રાજી થનાર ભગવાનને ક્યાં સોનાંનાં મુગટ, શિખર કે આભૂષણો, ભવ્ય મંદિરો કે છપ્પનભોગના અન્નકૂટની જરૂર છે. તે તો ભાવનાનો ભૂખ્યો છે, ભક્તિનો ભૂખ્યો છે. ગીતામાં કહ્યું છે કે **તેઓ શ્રદ્ધાપૂર્વક આપેલાં એક ફળ કે ફૂલથી પ્રસન્ન થઇ જાય છે. તેને વળી, સોનાની ક્યાં જરૂર છે?**

લોકો મંદિરોમાં ભેટ-સોગાદ મૂકે છે, પણ ત્યાંથી ચોરવાનો કોઇ ઊંઘમાં પણ વિચાર કરતું નથી. આજે ભગવાનના નામે વ્યાપાર કરનારા ખુદ ચોરી કરવા લાગ્યા છે. આમ હવે કાળીને બદલે 'ધોળી ચોરી' ધર્મસ્થાનોમાં વધવા લાગી છે. ધર્મનું કાર્ય જીવનમૂલ્યો શીખવવાનું છે. ત્યાં જ ચોરીઓ થાય તો આભ ફાટે ત્યારે થીગડું ક્યાં દેવું તેવી સ્થિતિ છે. ધર્મસ્થાનોમાં થતાં ધર્મનાં પ્રદર્શનો, લોકનજરે ચડે છે, પછી ચોરીઓ થવા માંડે છે.

દક્ષિણ ભારતના પદ્મનાભ મંદિરમાં કેટલું બધું સોનું મળ્યું! તિરુપતિ, દ્વારકા, ડાકોર, અંબાજી, શિરડી ને સોમનાથ જેવાં મંદિરોમાં મોટા પાયે સોનું છે ને આવતું રહે છે. આ સોનું પડી રહે ને વહીવટદારોની દાનત બગડે તેના કરતાં તેનો લોકકલ્યાણમાં ઉપયોગ થાય તે ખુદ દરિદ્રનારાયણ ભગવાનને પણ વધુ ગમશે.

થોડા સમય પહેલાં ગામડાના એક નાનકડા મંદિરમાં ચાંદીનાં છત્રો તથા તિજોરી તોડીને ચોરી કરનાર ચોરની ઘટના આંખ ઉઘાડનારી છે. ચોરે ચોરી કરતાં પહેલાં ચિઠ્ઠી મૂકી હતી કે, માતાજી તારી દીધેલ દીકરી છે. તે પરણાવવા લાયક થઇ હોવા છતાં મારી પાસે કામધંધો ન હોવાથી પૈસા નથી, એટલે પરણાવી શકતો નથી. એટલે તારી રજા લઇને ચાંદીનાં છત્રો ને રોકડ લઇ જાઉં છું, જેથી મારી દીકરીનાં લગ્ન કરી શકું. માતાજી બોલ્યાં નહી એટલે ચિઠ્ઠી મૂકીને તેમની સંમતિ છે તેમ માનીને ચોર ચોરી કરીને ચાલ્યો ગયો. આજના 'ધોળા' ચોરો માટે આ કાળો ચોર પ્રેરણાદાયી છે. તે મજબૂર હોવાથી ચોરી કરે છે, જ્યારે ધોળા ચોરો વધુ સંપત્તિ માટે મંદિરોને પણ છોડતો નથી. ■

વેદ પ્રકાશ શાસ્ત્રી
લેખિકા જાણીતાં કોલમિસ્ટ છે

# જંકફૂડ ખાવાના શોખીન છો? તો ચેતી જજો...!



આ યુગને કળિયુગની સાથે તમે જંકફૂડ યુગ પણ કહી શકો છો. અત્યારના સમયે એક ધંધો જે સૌથી વધારે ચાલતો હોય તો તે છે ફૂડ બિઝનેસ. મોટા સિટીમાં તમે જાઓ એટલે રાત્રે મોડે સુધી તમને ફૂડ સેન્ટર પાસે અઢળક ભીડ જોવા મળશે. લોકો જંકફૂડના એટલા શોખીન થઈ ગયા છે કે તે શરીર માટે કેટલું ખતરનાક છે. તે વિશે ખબર હોવા છતાં તેને છોડી નથી શકતા. જંકફૂડના ચલણ પાછળ ત્રણ વસ્તુ જવાબદાર કહી શકાય, સમયનો અભાવ, ઘરે રસોઈ બનાવવાની આળસ અને મસાલેદાર ખાવાનો ચસ્કો. પણ આ ત્રણેય પરિબળો શરીરને કેટલી તકલીફ સુધી દોરી જાય છે તે વિશે આપણને ખ્યાલ નથી હોતો. ચાલો, તે વિશે થોડું જાણી લઈએ.

- એક અભ્યાસે દર્શાવ્યું છે કે તંદુરસ્ત લોકો પાંચથી પણ વધારે દિવસ જંકફૂડ ખાય છે, જે મૂડ, સ્પીડ અને ધ્યાન વગેરે પર ખરાબ અસર કરે છે. અને પરિણામે સતત જંકફૂડ ખાવું એ તમારી યાદશક્તિને વધુ ખરાબ કરી શકે છે, કારણ કે નબળો આહાર અમુક રાસાયણિક પ્રતિક્રિયાઓનું કારણ બની શકે છે જે મગજની નબળી કાર્યક્ષમતા તરફ દોરી જાય છે.

**[ જંકફૂડના ચલણ પાછળ ત્રણ વસ્તુ જવાબદાર કહી શકાય, સમયનો અભાવ, ઘરે રસોઈ બનાવવાની આળસ અને મસાલેદાર ખાવાનો ચસ્કો. પણ આ ત્રણેય પરિબળો શરીરને કેટલી તકલીફ સુધી દોરી જાય છે તે વિશે આપણને ખ્યાલ નથી હોતો. ]**

- તે ભૂખ નિયંત્રિત કરવાની ક્ષમતાને ઘટાડે છે. પ્રોસેસ્ડ ખોરાક અને તળેલા ખોરાકમાં ઓમેગા ૩ અને ૬ જેવાં ફેટી એસિડ નથી હોતાં. પરિણામે તે ખાવાથી ટેસ્ટ તો સારો આવે છે પણ પેટ જલદી નથી ભરાતું. આ કારણે તમે ખૂબ જલદી ભૂખ્યાં થઈ જાવ છે અથવા તો તમારાથીજંકફૂડનું પ્રમાણ જ વધારે લેવાઈ જાય છે. આમ બનતાં ચરબીનો ભાગ વધે છે અને શરીરમાં પૌષ્ટિક તત્ત્વોનો ભાગ ઘટે છે.
- એક અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે ફેટી એસિડ અને મીઠાઈઓથી શરીરના ઈન્સ્યુલિન સ્તરમાં વધારો થઈ શકે છે. શરીરમાં ઈન્સ્યુલિનનું સ્તર વધે એટલે મગજ પર તેની અસર થાય, મગજની કાર્યક્ષમતા ઘટે છે. તેનાથી ડિમેન્શિયાનું જોખમ ઊભું થાય છે.
- જંકફૂડ વધારે ખાવાથી શરીરને પૂરતાં પ્રમાણમાં બીજા ખોરાકમાંથી જે એમિન એસિડ મળવું જોઈએ તે નથી મળતું. આ એમિનો એસિડનો અભાવ ડિપ્રેશનની લાગણીઓમાં વધારો કરી શકે છે.
- જંકફૂડમાં સુગર, તેલ, સ્પાઈસનું પ્રમાણ ખૂબ વધારે હોય છે, જેના કારણે પાચનશક્તિ નબળી પડતી હોય છે. વળી તેમાં મેંદાનું પ્રમાણ પણ વધારે આવતું હોવાથી ખોરાક જલદીથી પચતો નથી, જેથી અપચાની તકલીફ શરીરમાં ઘર કરી જતી હોય છે.
- હૃદયરોગનું જોખમ વધે છે, જંકફૂડ કોલેસ્ટેરોલ અને ટ્રાઈગ્લિસરાઈડના સ્તરને વધારે છે, જે હૃદયરોગના વિકાસ માટેનાં મુખ્ય જોખમી પરિબળ છે. જંકફૂડમાં રહેલી ચરબી શરીરમાં સંગ્રહિત થાય છે છે અને તેને સ્થૂળ બનાવે છે. તે ખાવાથી હૃદયરોગનું જોખમ વધી જાય છે.
- બ્લડપ્રેશરની તકલીફ થવાની શક્યતા રહે છે. ચિપ્સ અને ફ્રાઈસ જેવા જંકફૂડમાં મીઠાની માત્રા નોર્મલ કરતાં વધારે હોય છે, જે ઉત્સેચકો અને લાળના સ્ત્રાવને વધારે છે. બ્લડપ્રેશર વધે છે, બીપી વધવાથી કિડનીની કાર્યક્ષમતા પર પણ અસર થાય છે.
- લીવર પણ ડેમેજ થઈ શકે છે. જંકફૂડનો બીજો ગેરલાભ એ છે કે તે લીવરને નુકસાન પહોંચાડી શકે છે. જંક ફૂડસમાં ટ્રાન્સ ચરબીના ઊંચા સ્તરો હોય છે જે યકૃતમાં ચરબી તરીકે જમા થાય છે, તેને કારણે ફેટી લીવરની સમસ્યા થાય છે, અને આ ફેટી લીવરના કારણે તેની કાર્યક્ષમતા નબળી બને છે. ■

**મોહન રાકેશ**
લેખક જાણીતા કોલમિસ્ટ છે



# મૃત્યુ એટલે શું?

હિંદી સાહિત્યમાં ટૂંકી વાર્તા, નાટકો, નિબંધો તથા અનુવાદને ક્ષેત્રે જેમણે અનન્ય કાર્ય કર્યું તે મોહન રાકેશ(૧૯૨૫-૧૯૭૨)ના આ શબ્દો છે. આપણા ચુનીલાલ મડિયા, જગદીશ જોશી, **પ્રિયકાન્ત મણિયાર અને મણિલાલ-રાવજીની જેમ મોહનનું મૃત્યુ અકાળે થયું.**

મોહનના પિતા મરણ પામ્યા પછીની મોહનની મનઃસ્થિતિને વર્ણવતી આ વાત છે. પિતાનું મૃત્યુ થયું. જે મકાનમાં રહેતા હતા એનું ભાડું ચડી ગયું હતું. જમીન પર ગોઠવાયેલો પિતાનો દેહ. મકાનમાલિકના મોટા છોકરાનો અવાજઃ **'હું મડદું નહીં ઉપાડવા દઉં. જ્યાં સુધી ભાડું નહીં આપી દેવામાં આવે ત્યાં સુધી મડદાને હાથ લગાડવા નહીં દઉં.''**

વિચાર કરો : સોળ વરસના મોહનને આ સાંભળીને શુંનું શું થયું હશે? શબ્દો જીભ પર જ સુકાઈ ગયા હશે. ભીતરમાં નરી ચુપકીદી. એક બાજુ પિતાનું શબ, બીજી બાજુ અંગત વેદનાને હડસેલી દેતો મકાનમાલિકના છોકરાનો ક્રૂર અવાજ, માતાની આંખનાં આંસુ, ગરીબાઈને કારણે અસહાય અને ઓશિયાળો ચહેરો. ભાઈ-બહેનોના કુટુંબની જવાબદારી. **આસપાસના ડાઘુઓ વચ્ચે નીચાજોણું થયું. માતાની બંગડી વેચાઈ. ભાડું ચૂકવાયું. અગ્નિસંસ્કાર થયા.**

> **સોળ વર્ષની ઉંમરમાં જિંદગીએ એક ચોકઠામાં ફિટ કરી દીધો હતો. ગમે તેમ કરીને પોતાને તે ચોકઠાના આકારમાં ઢાળવાનું હતું.**

માત્ર પિતાના જ નહીં, ભીતરથી પુત્રના પણ અગ્નિસંસ્કાર! મરણ પિતાને અને પુત્રને બંનેને જુદી જુદી રીતે મારતું ગયું. ''મૃત્યુ એટલે શું?'' એવો મોહનને પ્રશ્ન થયો હતો. 'મૃત્યુ પછી શું થાય છે?'' એવો પ્રશ્ન પણ મોહનને પીડતો હતો. કાકાએ જવાબ આપ્યો હતોઃ **''મૃત્યુ પછી કંઈ થતું નથી. મૃત્યુ સાથે આદમી પૂરો થઈ જાય છે.''**

કોઈક મરણતોલ ઘટના જીવનમાં એવી બને છે કે માણસની જિંદગી એની ઈચ્છા-અનિચ્છાએ એક ચોકઠામાં ફિટ થઈ જાય છે. એની પાસે કોઈ વિકલ્પ રહેતો નથી અને તાત્કાલિક કોઈ સંકલ્પ કામ આવતો નથી. મરણ એટલે નરી લાચારી, નિઃસહાયતા. કોઈકનું વાક્ય યાદ આવે છેઃ કહે છે કે મરણ નથી એવું કહેનારા **લોકો સાથે હું સંમત થતો નથી. મરણ છે જ. મરણ એ કાયમનું પૂર્ણવિરામ.**

શબ પાસે બેસીને જાણે કે બર્થ-ડે કેક ખાનારા લોહીચૂસ માણસો છે, જે મડદાનો પણ મોભો રાખ્યા વિના પૈસા ઉઘરાવે છે. કોઈકના શરીરનું મકાન તૂટ્યા પછી મકાનના ભાડાની ઉઘરાણી કરતા મકાનમાલિકને શું કહેવું? મકાનમાલિકનું તો માત્ર ભાડું જતું હતું. પણ એક સ્ત્રીએ પોતાનો પતિ ગુમાવ્યો છે, **સંતાનોએ પોતાનો પિતા ગુમાવ્યો છે એની વેદનાનો કેમ ખ્યાલ નહીં આવ્યો હોય!**

મરણ, પાછળ રહી જનારાઓને રિક્ત કરે છે, પરિસ્થિતિ લાચાર બનાવે છે, અકાળે પરિપક્વતા પણ આપે છેપ પરંતુ કેટલાક ઘા કદીય રુઝાતા નથી.

ખ્યાલ છે ત્યાં સુધી રમણભાઈ નિલકંઠના રાઈનો પર્વત નાટકમાં બે પંક્તિ આવે છે :

**ચિંતા માતા-પિતા કેરી સ્વહસ્તે જલાવીને**
**સંતાનો એ જ ચિતામાં ચેતાવે આત્મદીપને**

ચોકઠાના આકારમાં ઢળ્યા પછી ચિતાના અગ્નિમાંથી આત્મદીપ જલાવીને, સંતાનોએ છેવટે તો પોતાના અવાજને સળગાવીને અંધકારમય સંસારમાં અજવાળું પાથરવાનો પુરુષાર્થ કરવાનો રહે છે.

મોહન રાકેશ ઓલવાઈ જતા પહેલાં **સાહિત્યના પ્રદેશના ચોકઠામાંથી બહાર નીકળીને પોતીકું અજવાળું પાથર્યું હતું એ વાત સહૃદયો જાણે જ છે.** ■

**જોસેફ એડિસન**
લેખક જાણીતા કોલમિસ્ટ છે

# સાચા સુખને પડખે

સાચું સુખ શબ્દ વાપર્યો એનો અર્થ એવો થયો કે ક્યાંક ખોટું અને જૂઠું સુખ છે. ક્યાંક કાચું સુખ છે. મોટા ભાગના માણસો સુખ એટલે સગવડ એવું સમીકરણ માંડીને બેઠા હોય છે. સગવડ તમને વધુ ને વધુ નિરાધાર કરે છે. નિરાધાર કરે એનો અર્થ એટલો કે તમે ક્યાંક ક્યારેક એનો આધાર લીધો છે અને આ રીતે આપણને પણ ખબર ન પડે તેમ ધીરે ધીરે આપણે સગવડોના ઓશિયાળા થતા જઈએ છીએ. **જ્યારે સગવડ ખસી જાય ત્યારે અગવડ ઊભી થાય અને આ અગવડ આપણા દુ:ખનું કાયમનું કારણ બની જાય.**

પ્રવૃત્તિ સાથે પ્રયોજન અને પરિણામ સંકળાયાં છે. પણ આપણી આંખ કેવળ પ્રયોજન અને પરિણામ પર હોય તો કર્મનો આનંદ રહે જ નહીં. જે માણસ નિષ્કામ થઈને કામ કરે છે એની પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિનો ધબકાર છે. માણસને જીવવા માટે ધન જોઈએ પણ કેવળ પૈસા પાછળની દોટ! તમને વધુ ને વધુ પૈસો જો પ્રારબ્ધની જુગલબંધી થઈ હોય તો કદાચ મળે તો મળે. પણ પૈસા પછી એનો થાક હોય અને એનો ક્યાંય આનંદ ન હોય. કોઈ રખે એમ માને કે હું અહીં ધનનો વિરોધ કરું છું. **માણસને જોઈજોઈને કેટલું જોઈએ? ક્યાંક તો એણે અટકવું જોઈએ. પૈસો હાથનો મેલ છે એવું કહેવાનું સાહસ નહીં કરું.**

આપણે ત્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – ઉત્પતિ, સ્થિતિ, લય, – સર્જન-સંવર્ધન-સંહાર. આપણે ત્યાં વિષ્ણુસહસ્રનામનો મહિમા છે. વિષ્ણુ એટલે સ્થિતિ. ખુદ વિષ્ણુએ પણ લગ્ન લક્ષ્મી જોડે કર્યા પણ લક્ષ્મીને બેસાડી ચરણ પાસે. મોટા ભાગના શ્રીમંતોની લક્ષ્મી એ માથા પાસે બેઠી હોય છે અને એટલે જ એમના માથામાં રાઈ ભરાઈ હોય છે. તમે પૈસાથી બધું ખરીદી શકો. ચિક્કાર ઐયાશી માણી શકો. પણ પૈસાથી ત્રણ વસ્તુ કદી ખરીદી શકાતી નથી : **સુખ, શાંતિ અને સાચા મિત્રો, કે તંદુરસ્તી ખરીદી શકાતી નથી.**

સવારના પહોરમાં માણસ ચાલે છે પગ છૂટો કરવા અને સાંજે મિત્રોને મળે છે મન છૂટું કરવા. મિત્રો મળે ત્યારે વાતમાંથી વાત નીકળતી હોય છે. મને ઉઘાડ પામતું હોય છે અને એનો આનંદ એવો હોય છે કે એ માણવાનો હોય, એનું વર્ણન ન થઈ શકે. **કોઈપણ માણસને પોતા સિવાય અન્ય કોઈ અંગત એકાદ મિત્ર પણ ન હોય તો મારી દૃષ્ટિએ એનું આયુષ્ય એળે ગયું.** ■



उन्नति
सबमर्सिबल पम्प

Unnati
Since 1969
SUBMERSIBLE PUMP

*"Together we can do it*
*Together we have always done it"*



IS : 8034

**Unnati Pumps Private Limited**

81, Amarnath Industrial Estate, Opp. Shayona Estate, Naroda Road, Ahmedabad - 380025. Gujarat, INDIA. Phone : 079-22203434 / 0128

Email : sales@unnatipumps.com Website: www.unnatipumps.com

## નવી દિશા... નવા વિચાર...








# સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરીકો માટે જૂથ અકસ્માત વિમા યોજનાનો પુનઃ પ્રારંભ...
- પાક સહાય યોજનાનો અમલ...
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સીંગ યોજનામાં ૪૦% સુધીની આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહત દરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસીસ લેબની નજીવા દરે ટેસ્ટીંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુધ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- માત્ર રૂા. ૧૦/- માં સારી ક્વોલીટીના ચા-નાસ્તાની સુવિધા...
- માર્કેટયાર્ડમાં ગરમીની સિઝનમાં ફ્રી છાસનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મીનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સ તથા ફાયરફાઈટરની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે ૩૦ એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનો શુભારંભ...
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારના કુપોષિત બાળકોને દત્તક લઈ માનવતાનું કાર્ય

APMC UNJHA Since 1954
AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

## જય સહકાર... જય કિસાન...

| વિષ્ણુભાઈ પટેલ | અરવિંદભાઈ પટેલ | દિનેશભાઈ પટેલ |
|---|---|---|
| સેક્રેટરી | વા. ચેરમેન | ચેરમેન |

તથા ડીરેક્ટર ગણ
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ઊંઝા



# ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – કડી

**મુ. કડી, તા. કડી, જિ. મહેસાણા, ફોન નં. (૦૨૭૬૪) ૨૪૨૦૨૧, ૨૩૨૨૩૮**

**સ્થાપના સને ૧૯૫૫-૫૬**

## સરદાર પટેલ કોટન સબ માર્કેટ યાર્ડ કડી – કલોલ રોડ, બુડાસણ





**બજાર સમિતિ કડી દ્વારા નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.**

(૧) કડી તાલુકાના દર્દીઓને રાહત દરે એમ્બ્યુલન્સ સેવા આપવામાં આવે છે.

(૨) બજાર સમિતિ કડીમાં માલ લઈ આવતા ખેડૂતભાઈઓને સસ્તા દરે પૌષ્ટિક ભોજન આપવામાં આવે છે.

(૩) કડી તાલુકાની શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને દર વર્ષે એક ડઝન ચોપડા રાહત દરે આપવામાં આવે છે. આજ દિન સુધી આ યોજનામાં **૩,૨૩,૦૦૦** ડઝન ચોપડા આપવામાં આવેલ છે. જેમાં **૨,૫૦,૦૦,૦૦૦**ની સબસિડી આપવામાં આવેલ છે.

(૪) કડી શહેર તેમજ બહારથી આવતા તમામ નાગરિકોને પીવાનું ઠંડુ પાણી મળે રહે તે હેતુથી કડી શહેરમાં ઠંડા પાણીના કૂલર તેમજ ઠંડા પાણીના જગ મૂકવામાં આવે છે.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

**પટેલ નીતિનભાઈ રતિલાલ**
(પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)

**રાજેન્દ્રકુમાર જી. પટેલ**
ચેરમેન

**બળદેવભાઈ એ. પટેલ**
વાઈસ ચેરમેન

ખમાર હિમાંશુભાઈ બંસીભાઈ
પટેલ રશ્મિનભાઈ સેંધાભાઈ
પટેલ જીવણભાઈ બેચરદાસ
પટેલ રમેશભાઈ બચુભાઈ
જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, મહેસાણા

પટેલ વિનોદભાઈ રણછોડદાસ
પટેલ અરવિંદભાઈ વિઠ્ઠલદાસ
પટેલ ભોગીલાલ હરજીવનદાસ
પટેલ અંબાલાલ પીતાંબરદાસ
જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી મહેસાણા

પટેલ ભરતભાઈ ભુદરદાસ
મહેશ્વરી મનોજભાઈ પરસોત્તમદાસ
પટેલ ઘનશ્યામભાઈ અંબાલાલ
પટેલ વિષ્ણુભાઈ પ્રહલાદદાસ
(પ્રતિનિધિશ્રી નગરપાલિકા કડી)



**કમલેશકુમાર એલ. ત્રિવેદી**
ઇન્ચા. સેક્રેટરી



**સંપાદક : ડૉ. ભગીરથ પટેલ**
સંપાદક બાળકોના ચાહક અને પ્રેરક પ્રાધ્યાપક છે.

# બાળકોની વાદળાં જેવી દુનિયા

બાળકને માતાનો સૌથી પહેલો સ્પર્શ ગર્ભમાંથી જ થાય છે. સુરક્ષાનો પહેલો અનુભવ માતાના ખોળામાં થાય છે. માતાનું દૂધ અમૃત સમાન નીવડે છે. માએ ગાયેલાં હાલરડાંથી બાળમાનસ ઘડાવાનો આરંભ થાય છે. માતાના ખોળામાંથી ઊતર્યા પછી ધરતીમા એના માટે ખોળો બને છે. બાળકને માટીનો સ્વાદ માતાના દૂધ જેવો સ્વાદિષ્ટ લાગે છે. **બાળકૃષ્ણના મોંઢામાં માટી જોવા માગતાં જશોદામૈયાને બ્રહ્માંડનાં દર્શન થયાં હતાં.** બાળકની દુનિયામાં જિજ્ઞાસાનો અંત નથી. એ વિસ્મયપૂર્વક બધું જુએ છે. એના માટે બધું જ પહેલી વાર બની રહ્યું હોય છે. પ્રાણીઓ, પક્ષીઓ, વૃક્ષ-વેલીઓ, આજુબાજુની સૃષ્ટિમાંથી એનું કુતૂહલજગત વિસ્તરતું રહે છે. કોઈએ કહ્યું છે કે બાળકની સૃષ્ટિ વાદળાં જેવી હોય છે. આરંભમાં એનો કોઈ ચોક્કસ આકાર ન હોય, પરંતુ પછી એ કલ્પનાનાં વાદળાંમાંથી ચોક્કસ આકાર બાંધવા લાગે છે. એમાંથી એને પરિચિત થવા લાગેલી દુનિયાનો પિંડ બંધાય છે. **બાળમાનસને શું સારું કે યોગ્ય અને શું ખરાબ કે અયોગ્ય એવો ભેદભાવ સમજાતો નથી.** નજરે ચડે તેને મેળવવાની જિજ્ઞાસા બાળક રોકી શકતું નથી. બાળક દુનિયાને પુખ્ત ઉંમરની વ્યક્તિથી અલગ રીતે જુએ છે. અમુક ઉંમર સુધી એને કલ્પના અને વાસ્તવિકતા વચ્ચેનો તફાવત સમજાતો નથી. એ માને છે કે એના મન અને મગજમાં ચાલતું બધું જ વાસ્તવિક છે. **એ કારણે બાળકની સર્જનાત્મકતા વધારે ફળદ્રુપ નીવડે છે.** એ આજુબાજુ દેખાતાં પશુપક્ષી, નિર્જીવ પદાર્થો સાથે વાતો કરે છે અને એ બધાં પણ જાણે એની સાથે વાતો કરે છે. બાળપણની દુનિયા જાદુ અને કલ્પનાઓથી છલોછલ છે. એ કારણે એ પથારીમાં સૂતુંસૂતું જાદુઈ શેતરંજી પર બેસી ઊડતું હોય એવી કલ્પના કરી શકે છે. **એનાં ઢીંગલા-ઢીંગલી જીવતાંજાગતાં સંબંધી બને છે.** એનાં ટેડી બેર સાચુકલાં બની એના મહામૂલાં સાથીદાર બને છે. કલ્પના અને તરંગોમાં રચ્યાંપચ્યાં રહેતાં બાળકોનું કલ્પનાશીલ મગજ એમના માનસિક વિકાસમાં મોટો ભાગ ભજવે છે. એને કારણે એમની સમજ વિકસે છે, લાગણીઓને સમજી શકે છે, દરેક સાથે સંબંધ બાંધતાં શીખે છે અને **સમસ્યાઓમાંથી રસ્તા કાઢવાની અને જગતને બદલવાની તાલીમ આવી બાળરમતોમાંથી જ મળે છે.** ઘણી મોટી શોધોના પાયામાં આવી બાળસહજ કુતૂહલવૃત્તિ અને કલ્પનાઓ રહેલી જોઈ શકાય. બાળકના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોની પણ સીમા નથી. બાળપણમાં પડેલી આવી આદત મોટા થયા પછી સચવાઈ રહે તો પુખ્ત માણસને થતા બાળક જેવા પ્રશ્નો મહાન શોધ તરફ દોરી ગયા હોય એવાં ઘણાં દૃષ્ટાંત જોઈ શકાય. બાળમાનસનો અભ્યાસ કરવા માટે એક પ્રયોગ કરવામાં આવ્યો હતો. એમાં અલગ અલગ ઉંમરનાં બાળકોને એક પ્રશ્ન પૂછવામાં આવ્યો કે **જો ભગવાન તમને ત્રીજી આંખ આપે તો તમે એ તમારા શરીરમાં ક્યાં લગાડવા માગો?** કોઈએ હથેળીમાં, કોઈએ ગાલ ઉપર, કોઈએ છાતીમાં, કોઈએ બાવડામાં ત્રીજી આંખ લગાવવાનું સૂચન કર્યું. મોટી ઉંમરનાં બાળકોએ એમની બે આંખોની વચ્ચેના સ્થાનનો નિર્દેશ કર્યો. વધારે લાંબું વિચારી શકનાર એક બાળકે માથાની પાછળ વધારાની આંખ મુકાવવા કહ્યું, જેથી એ પાછળનું પણ જોઈ શકે. માતા-પિતા અને અન્ય વડીલો તથા શિક્ષકો બાળકની કલ્પનાશીલતાને સાચી રીતે સમજી ઉત્તેજન આપે તો બાળઉછેરના ઘણા પ્રશ્નોથી બચી શકાય. નર્યું પુસ્તકિયું જ્ઞાન કે આંકડાઓની માથાકૂટ બાળકમાં કંટાળો જન્માવે છે. બાળક જેવા થઈ બાળકની જેમ વિચારીએ તો જ એને યોગ્ય માર્ગદર્શન આપી શકીએ. બાળકોમાં નિરીક્ષણશક્તિ વધે, એ જાતે વિચારતું થાય, પરિસ્થિતિને સમજવા લાયક બને અને એમનામાં યોગ્ય-અયોગ્યનો ખ્યાલ વિકસે તે માટે વિવિધ રમતો, સંઘભાવના વિકસાવે એવાં આયોજનો કરવાં જોઈએ. ખાસ કરીને બાળકોને બાળવાર્તાઓ કહેવાથી અને વાંચવા માટે પ્રેરવાથી ગમ્મત સાથે જ્ઞાન મળે છે. શિખામણથી આપી શકાય નહી તે વાત વાર્તાથી તરત ગળે ઊતરે એ સત્ય મોટેરાંએ સમજવું જોઈએ. **ખરેખર તો બાળકોએ નહીં, મોટેરાંએ ઘડાવાની જરૂર હોય છે.** સામાન્ય રીતે આપણે બાળકના ભવિષ્ય વિશે ચિંતા કરીએ છીએ, પરંતુ એ અત્યારે શું છે એનો વિચાર કરતા નથી. મોટેરાંએ બાળકો પાસેથી ઘણું શીખવાનું છે. વિખ્યાત લેખક પાઉલો કોહેલોએ કહ્યું છે : 'દરેક બાળક પાસેથી મોટેરાં ત્રણ બાબતો શીખી શકેઃ કોઈ પણ કારણ વિના પ્રસન્ન રહેવું, **હર સમય પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવું, જોઈતું હોય તે મેળવવા પગ ખોડીને ઊભા રહેવું.'** ■

**બાળપણની દુનિયા જાદુ અને કલ્પનાઓથી છલોછલ છે. એ કારણે એ પથારીમાં સૂતુંસૂતું જાદુઈ શેતરંજી પર બેસી ઊડતું હોય એવી કલ્પના કરી શકે છે. એનાં ઢીંગલા-ઢીંગલી જીવતાંજાગતાં સંબંધી બને છે.**





**શૈલેષભાઇ પટેલ**
મેનેજર - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

## વિશ્વ ઉમિયાધામ ખાતે આરતી - થાળી કોમ્પીટીશન



વિશ્વ ઉમિયાધામ ખાતે શહેર, તાલુકા, જીલ્લા લેવલની આરતી - થાળી કોમ્પીટીશનનું આયોજન મહિલા સંગઠન દ્વારા કરવામાં આવેલ. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આરતી - થાળી કોમ્પીટીશનમાં પસંદગી પામેલ સ્પર્ધકોને સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તથા કેન્દ્રીય મહિલા સંગઠનના ચેરપર્સન ડો. રૂપલબેન પટેલના હસ્તે સંસ્થાનું પ્રમાણપત્ર તથા પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ.

## વડોદરા ખાતે નવરાત્રી કાર્યક્રમનું આયોજન





તા. ૧૩-૧૦-૨૦૨૩ના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન - વડોદરા ચેપ્ટર દ્વારા નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ, વડોદરા ચેપ્ટર ચેરમેનશ્રી પિનાકીનભાઈ પટેલ તેમજ સંગઠનના અન્ય હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

## સંસ્થાની વાર્ષિક સાધારણ સભા



તા. ૧૫-૧૦-૨૦૨૩ ને રવિવારના રોજ વાર્ષિક સાધારણ સભાની મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ, આજીવન - શુભેચ્છક સભ્યશ્રી તેમજ વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. મીટિંગ દરમિયાન વર્ષ - ૨૦૨૨-૨૩માં થયેલ પ્રવૃત્તિઓની વિગતે માહિતી તેમજ આગામી આયોજન બાબતે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે નવરાત્રી દરમિયાન યજ્ઞપૂજા








મા ઉમિયાને પ્રિય એવા નવરાત્રામાં તપોભૂમિ વિશ્વ ઉમિયાધામના પ્રાંગણમાં વૈદિક આચાર્યોની પાવન ઉપસ્થિતિમાં મા ઉમિયાનું મંદિર નિર્માણ કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય તેમજ મનોરથી યજમાનશ્રીની મનોકામના પૂર્ણ તેવા પવિત્ર હેતુથી શતચંડી યજ્ઞ અનુષ્ઠાનનું નવલી નવરાત્રીના નવ દિવસ સુધી દિવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં મુખ્ય યજમાન સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલ તેમજ પરિવાર બની નવ દિવસ દરમિયાન જગદંબાની પૂજા - દર્શન - આરતી કરી આશિર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી.

## સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના અંતર્ગત પૂર્વ આયોજન મીટિંગ



સરદાર પટેલ જન્મજયંતિ નિમિત્તે વિશિષ્ટ અને યાદગાર ઉજવણી કરવાના સંકલ્પ સાથે સરદાર પટેલ ગૌરવગાથા કાર્યક્રમના પૂર્વ આયોજન અંતર્ગત વિશ્વ ઉમિયાધામ ખાતે સંગઠનના જીલ્લા - તાલુકા ચેરમેનશ્રીઓ, નિવૃત્ત - કાર્યરત પોલીસ અધિકારીઓ તેમજ સંગઠનના કાર્યકર્તાઓની મીટિંગનું આયોજન કરવામાં આવેલ.

## મંદિર નિર્માણ અંતર્ગત કન્સ્ટ્રકશન મીટિંગ



વિશ્વ ઉમિયાધામ ખાતે મંદિર નિર્માણ બાંધકામ અંતર્ગત પ્લાનીંગ ડીઝાઈન એન્ડ ડેવલપમેન્ટ કમિટી, એમ.ઈ.પી. કન્સલટન્ટ તેમજ અન્ય કંપનીઓ દ્વારા વર્ષ દરમિયાન કરેલ તેમજ આગામી કામગીરી અંતર્ગત વિગતે ચર્ચા કરવામાં આવી.

## વિશ્વ ઉમિયાધામ ખાતે શૈક્ષણિક અને વહીવટી અધિવેશન મીટિંગ



સંસ્થાના ગોલ્ડન દાતાટ્રસ્ટીશ્રી જાગૃતિબેન પટેલની અથાગ મહેનતથી અમદાવાદ જીલ્લા શાળા સંચાલક મંડળની મીટિંગનું આયોજન તા. ૨૬-૧૦-૨૦૨૩ ના રોજ વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ ખાતે કરવામાં આવેલ. જે દરમિયાન ગુજરાતના શિક્ષણમંત્રી, ધારાસભ્યશ્રી, સંચાલકશ્રીઓ તેમજ સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલની ઉપસ્થિત રહેલ. આ દરમિયાન શાળા સંપર્ક શૈક્ષણિક અને વહીવટી અધિવેશન નામની માર્ગદર્શિકા સૂત્રબંધ-૪ નું વિમોચન કરવામાં આવેલ.

## VUF - VIBES ટીમ દ્વારા નવરાત્રિ મહોત્સવનું આયોજન






સમાજના એન્ટરપ્રિન્યોર યુવા બિઝનેસ મેનનું વૈશ્વિક જોડાણ થઈ શકે અને વિશ્વ કક્ષાએ વ્યવસાયમાં એકબીજાના પૂરક બની શકે તેવા શુભ આશ્રય સાથે VUF - VIBES ટીમ દ્વારા તા. ૨૩-૧૦-૨૦૨૩ ના રોજ ભાડજ - અમદાવાદ ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

## સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના અંતર્ગત પ્રેસ કોન્ફરન્સ મીટિંગ






સરદાર પટેલની જન્મજયંતિ નિમિતે વિશિષ્ટ અને યાદગાર ઉજવણી કરવાના સંકલ્પ સાથે સરદાર પટેલ ગૌરવગાથા કાર્યક્રમના આયોજન અંતર્ગત તા. ૨૮-૧૦-૨૦૨૩ ના રોજ પ્રેસ કોન્ફરન્સ મીટિંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, રાજવંશીઓ, પત્રકાર મિત્રો તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રવૃત્તિઓ

## રાજવી પરિવારના વંશજો - વિશ્વ ઉમિયાધામમાં મા ઉમિયાના દર્શનાર્થે





આઝાદ ભારતના જે તે સમયના રાજવી પરિવારોએ પોતાના રજવાડાંઓ રાષ્ટ્રને સમર્પિત કરીને અખંડ ભારતના નિર્માણમાં આપેલ ત્યાગ અને સમર્પણને બિરદાવવા સંસ્થા દ્વારા રાજવી વંશજોના પરિવારોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, ત્યારે તા. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે મા ઉમિયાના મંદિરની શિલાપૂજન - નવનિર્માણ ભૂમિ ઉપર પૂજા - અર્ચના કરી સંસ્થાના કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લઈ ધન્યતા અનુભવી.






## મા ઉમિયાના દર્શનાર્થે - USA કોન્સ્યુલેટ જનરલ



સંસ્થાએ Vishv Umiya Internation Business Entrepreneurs with Social Network પ્લેટફોર્મ ઉભું કરેલ છે જે VIBES નામે ઓળખાય છે. આ અંતર્ગત સંસ્થા દ્વારા તા. ૧૯-૧૦-૨૩ ના રોજ વિશ્વ ઉમિયાધામ ખાતે બિઝનેસ સંબંધિત મીટિંગ અમેરિકાના યુ.એસ. કોન્સ્યુલેટ જનરલ શ્રી જોન મેક્કેડેમ્સ પ્રિન્સીપલ કોર્મશિયલ ઓફિસર યુ.એસ. કોર્મશિયલ સર્વિસ વેસ્ટર્ન ઈન્ડિયા સાથે મીટિંગ કરેલ, તે દરમિયાન જોન મેક્કેડેમ્સે યુ.એસ. કોર્મશિયલ બિઝનેસ એક્સો માટે સંસ્થાના ૧૦૦ થી વધારે મિત્રોને બિઝનેસ માટે આમંત્રિત કરેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે Aaj Tak ના CEO મા ઉમિયાના દર્શનાર્થે



વિશ્વ ઉમિયાધામ ખાતે Aaj Tak ના CEO મા ઉમિયાના દર્શનાર્થે પધારેલ. જ્યાં તેઓ પૂજાપાઠ - અર્ચના કરી માતાજીના આશિર્વાદ મેળવ્યા હતા, ત્યાર બાદ સંસ્થાની મુલાકાત લીધેલ. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલે મંદિર નિર્માણ તથા સંસ્થામાં ચાલતી અવિરત પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડેલ.



સમાચાર સંપાદિકા : ડૉ. રૂપલ પટેલ,

## શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન પધારેલ રાજવી પરિવારોના વંશજો













આઝાદ ભારતના જે તે સમયના રાજવી પરિવારોએ પોતાના રજવાડાંઓ રાષ્ટ્રને સમર્પિત કરીને અખંડ ભારતના નિર્માણમાં આપેલ ત્યાગ અને સમર્પણને બિરદાવવા સંસ્થા દ્વારા રાજવી વંશજોના પરિવારોના સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમ દરમિયાન સંજોગોવશાત્ ઉપસ્થિત ન રહેલ રાજવી વંશજોનું શ્રીમદ્ ભાગવત કથા દરમિયાન પૂજાપાઠ - આરતી કરી સન્માનિત કરવામાં આવેલ.

## ઉમા સ્વાદમ્ આઉટલેટ ઓપનીંગ - સાયન્સ સીટી ખાતે





જગતજનની મા ઉમિયાના મંદિર નિર્માણમાં સૌ કોઈ સહયોગી બની શકે તેવા શુભ આશ્રય સાથે ઉમા સ્વાદમ્ નો શુભારંભ કરેલ. આ યોજના અંતર્ગત સમાજના પરિવારોને શુદ્ધ, સાત્વિક અને ગુણવત્તાયુક્ત મીઠાઈ તથા ફરસાણ મા ઉમિયાના પ્રસાદરૂપે મળી રહે તે માટે સંસ્થા દ્વારા સાયન્સ સીટી ખાતે એક નવા આઉટલેટ સાથે શુભારંભ કરવામાં આવેલ.

## વિશ્વ ઉમિયાધામ ખાતે એશિયન રમત ખેલાડીઓનું સન્માન





એશિયન પેરા ગેમ્સ - ૨૦૨૨ દરમિયાન વિવિધ રમત ક્ષેત્રે જે સ્પર્ધકોએ સિલ્વર, ગોલ્ડ, બ્રોન્ઝ જેવા મેડલો મેળવી દેશ, રાજ્ય અને સમાજમાં જે પ્રતિષ્ઠા અને નામ રોશન કર્યું છે તેવા રમતવીરોને વિશ્વ ઉમિયાધામ - અમદાવાદ દ્વારા સન્માનિત કરી અભિવાદિત કરવામાં આવ્યા.

## વિશ્વ ઉમિયાધામ ખાતે ઉમા કાઉન્સેલિંગ સેન્ટરનો શુભારંભ




કૌટુંબિક તેમજ સામાજિક પ્રશ્નોના સમાધાન માટે “ઉમા કાઉન્સેલિંગ સેન્ટર” નો શુભારંભ કરવામાં આવ્યો હતો. આજે દિવસે - દિવસે સામાજિક અને પારિવારિક સમસ્યાઓમાં વધારો થઈ રહ્યો છે. તેવા સંજોગોમાં મનની માવજત અને સમસ્યાઓના સમાધાન માટે ઉમા કાઉન્સેલિંગ સેન્ટર ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ સેન્ટરની કમાન જાણીતા લેખક, વક્તા અને માઈન્ડ ટ્રેનર & લાઈફ કોચના તજ્જ્ઞ ડો. જીતેન્દ્ર અઢિયા તથા તેની ટીમને સોંપવામાં આવી છે.

## સંસ્થાના દાતાટ્રસ્ટીશ્રીઓ ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના દર્શનાર્થે





કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના દર્શનાર્થે સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, દાતાટ્રસ્ટીશ્રીઓ, કાર્યકર્તાઓ તા. ૧૯-૧૧-૨૦૨૩ના રોજ પ્રસ્થાન કરેલ. જ્યાં સર્વે ભક્તજનોએ પૂજાપાઠ - અર્ચના - માતાજીના દર્શન કરી આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સંસ્થાના પ્રમુખશ્રી આર. પી. પટેલે તેમજ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના માનદ્મંત્રી શ્રી દિલીપ નેતાજીએ જણાવ્યું કે પાટીદાર સમાજની બે મોટી સંસ્થાઓ ઊંઝા ઉમિયાધામ અને વિશ્વ ઉમિયાધામ એકસાથે સમાજ વિકાસના દરેક કાર્યોમાં સહભાગી બની કાર્ય કરશે.

# ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ - QMS

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખશ્રી આર. પી. પટેલ દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓને વિશ્વ કક્ષાની ગુણવત્તા પ્રદાન કરવા QMS ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમ અપનાવવાની પહેલ કરવાનું દીર્ઘદષ્ટિપૂર્ણ સૂચન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત QMS વિષે આપ સૌ માહિતગાર થાઓ તે આ સીરીઝ શરૂ કરવાનો હેતુ છે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન જેવી ધાર્મિક - સામાજીક - સાંસ્કૃતિક સંસ્થાઓ ભારતમાં ગુણવત્તાને લગતી મેનેજમેન્ટ સિસ્ટમ વિષે વધારે સભાન થતી જાય છે. પારદર્શિતા, કાર્યક્ષમતા, વિશ્વાસ અને વૈશ્વિક ધારા-ધોરણોના અમલીકરણથી લોકોના જીવનની ઉચ્ચ ગુણવત્તાની અપેક્ષાઓ સંતોષવાનો અભિગમ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશને અપનાવેલ છે.

### ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમના અમલીકરણના ફાયદા :

૧. આપણી પ્રવૃત્તિઓથી કોને મદદરૂપ થવાનું છે અને તેઓની શું અપેક્ષાઓ છે તે સ્પષ્ટપણે દર્શાવી શકાય.

૨. સ્ટેક હોલ્ડર્સ કે જેમને આપણે મદદરૂપ થઈએ છીએ જેવા કે શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓ અને દર્શનાર્થીઓ તથા સંસ્થાને મદદ કરનારા દાતાઓ, સમય દાતાઓ, સરકાર વગેરેને પ્રાથમિકતા આપવાથી આપણામાં વિશ્વાસ વધશે, નવી તકો પેદા થશે, સંગઠન મજબૂત થશે.

૩. આપણી કાર્યપધ્ધતિઓને વૈશ્વિક સ્તર સુધી વિસ્તારવાથી સેવાની કાર્યક્ષમતા અને ઉત્પાદકતા વધે.

૪. વધારે મોટા સમુદાયોને આકર્ષિત કરી શકીએ જેથી આપણા સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ધ્યેયોને પાર પાડવામાં સુગમતા રહે.

૫. ગુણવત્તાની કાર્યપ્રણાલી લાગુ પાડવાથી જોખમો ઓળખી શકીએ અને તેનું સારી રીતે નિયમન / સંચાલન કરી શકીએ.

### ક્વોલિટી મેનેજમેન્ટ સિસ્ટમના મુખ્ય સિદ્ધાન્તો :

૧. સર્વ માનવ સમૂહોની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરવું.

૨. **નેતાગીરી** : સદ્દભાગ્યે આપણી પાસે મજબૂત અને ધ્યેય સમર્પિત નેતાગીરી સમૂહ છે. સંસ્થાને ઉદ્દેશો પ્રાપ્ત કરવા પ્રણાલીઓ અને પ્રક્રિયાઓને મજબૂતી આપવા તે સામર્થ્યની જરૂરિયાત છે.

૩. **એન્ગેજમેન્ટ** : કાર્યકર્તા અને કર્મચારીઓને કાર્યક્ષમ બનાવી કાર્યરત રાખવા.

૪. પ્રવૃત્તિઓને વૈશ્વિક રૂપ આપવું.

૫. **સતત સુધારણા** : સંસ્થાના આંતરિક અને બાહ્ય પર્યાવરણ (એન્વાયરમેન્ટ) માં થતાં ફેરફારોને પહોંચી વળવા યોગ્ય પ્રતિક્રિયા આપવા સતત અને સાતત્યપૂર્ણ નીતિ - રીતિઓને સુધારતા રહેવું, તેનાથી વિકાસ અને ટકી રહેવાની ક્ષમતા આવે.

૬. **નક્કર હકીકતો આધારિત નિર્ણયો** : તથ્યો અને તેના વિશ્લેષણ આધારિત નિર્ણયો લેવા સારા અને યોગ્ય સાબિત થાય છે.

૭. સંવાદિતા માટે સ્ટેક હોલ્ડરો સાથે તંદુરસ્ત સંબંધો.

અમલીકરણના સંસાધનો / રીતો હવે પછી...

- કનુભાઈ સી. પટેલ
ચેરમેન, QMS - વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

વિશ્વ ઉમિયાધામ
જાસપુર - અમદાવાદ
આસ્થા - એકતા અને ઊર્જાનું ધામ

Center for Excellence
I.A.S ACADEMY
Managed by:
VISHV UMIYA FOUNDATION

Vishv UMIYA Foundation

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન (VUF) દ્વારા સંચાલિત IAS ACADEMY** ગાંધીનગર / અમદાવાદ ખાતે મોક ઇન્ટરવ્યુની તાલીમ મેળવી ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા લેવાયેલ ગુજરાત વહીવટી અને મુલ્કી સેવા વર્ગ 1 અને વર્ગ-2 ની પરીક્ષા (જા. ક્રમાંક : 30/2021-22)માં સફળ થવા બદલ અને પરિવાર અને સમાજનું નામ રોશન કરવા બદલ સંસ્થા ગૌરવની લાગણી સાથે ખુબ ખુબ અભિનંદન પાઠવે છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી જગતજનની મા ઉમિયાને પ્રાર્થના કરે છે.


Shri Rajendra Patel
GAS
RANK - 6


Shri Purusharth Patel
Dy.SP
RANK - 13


Shri Nirav Trivedi
AC - Stax
RANK - 20


Smt. Ayushi Patel
GAS
RANK - 23


Shri Mahendrasinh Jadeja
Mamlatdar
RANK - 24


Kum. Shesha Patel
AC - Stax
RANK - 29


Shri Dharmesh Vasani
STO
RANK - 45


Shri Anand Parmar
AC - Stax
RANK - 47


Shri Jainam Mehta
Mamlatdar
RANK - 48


Shri Pratik Patel
RANK - 50


Shri Aman Jani
ADR
RANK - 53


Kum. Darshana Poshiya
AC - Stax
RANK - 55


Kum. Srushti Mandani
Dy.SP
RANK - 56


Kum. Divyaba Rathod
AC - Stax
RANK - 61


Shri Rutvik Patel
STO
RANK - 63


Shri Ankit Gopani
STO
RANK - 65


Shri Jaydipsinh Zula
TDO
RANK - 91


Shri Parth Patel
STO
RANK - 98


Kum. Twinkle Patel
STO
RANK - 102


Shri Akash Dodiya
STO
RANK - 117


Kum. Yogita Gadhavi
AC - STax
RANK - 126


Shri Parth Rathavi
STO
RANK - 131


Shri Manish Baldaniya
STO
RANK - 134


Shri Dhruv Damor
GAS
RANK - 136


Kum. Chhaya Padhiyar
Mamlatdar
RANK - 139


Kum. Ritu Gauswami
STO
RANK - 145


Shri Vanaji Gohil
STO
RANK - 154


Shri Jignesh Hathila
AC - STax
RANK - 161


Shri Nischay Barot
STO
RANK - 170


Kum. Priyanka Vasava
RANK - 175


Shri Sachin Patel
AC - STax
RANK - 180


Shri Pradyumansinh Jethava
Mamlatdar
RANK - 181

IAS ACADEMY

Managed By
Vishv Umiya Foundation

# MAINS MENTORSHIP PROGRAM

## GPSC CLASS -1-2 Advt. No. 20/2022-23

### FOR STUDENTS

Selected for the Mains examination of Advt. 20/2022-23. (GPSC Class 1-2)

Could not clear Prelims of Advt. 20/2022-23 but want to prepare for Advt. 47/2023-24. (GPSC Class 1-2)

- Live Answer Writing Session - Thrice a Week - 5 Questions (Detailed Schedule on 20th November)
- Mini Mock on Sunday -10 Questions
- 6 Full Length Test - Each of Language, GS Paper and Essay with Evaluation
- Section Wise PYQ Discussion
- Regular Mentorship Sessions
- Notes of Important Material like Society, Culture etc.

### GS-1, 2, 3 Papers

- Coverage of Value Addition Topics like Society, Governance, etc.
- Prepared Introduction and Conclusion Data,
- Quotes and Diagrams

### Essay

- Mentorship Session on Approach
- Coverage of Quotes and Anecdotes
- Important SC & HC Judgements
- Full Mock Essay Test with Evaluation

### Ethics

- Definitions and Examples
- Lectures on Value Addition Topics

### Language Papers

- Formats
- General Discussion on approach
- Imp. Topics of Grammer



## COURSE STARTS

# 21st Nov

Validity - Two Months

**FEES: ₹ 5000**

Radiant School of Science, Block-A,
Plot No.131/A, T.P. No.9, Nr. Kh-0, Sthapan-2 Flat,
Kh-Road, Gandhinagar-382421 Gujarat

+91 7202080202

E-mail: edu@vishvumiyafoundation.org
Web: edu.vishvumiyafoundation.org

IASAcademyVUF






- Security with CCTV
- Jogging Track
- Landscape Garden
- Club House Indoor games
- Multi Purpose Hall
- Open Theatre
- Gymnasium
- Gazebo
- Children Play Area
- Senior Citizen Sitting
- Drop Off Zone
- DG Set

# THE SPIRE

**3 BHK HAPPY LIVING & SHOPS**

SCAN FOR LOCATION

Nr. Bharat Petrol Pump, Opp. Babylon Club
S.P. Ring Road, Ahmedabad 380060

**CONTACT NO.**
**+91 75 75 00 92 77**

SCAN FOR BROCHURE

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/Ahmedabad Municipal Corporation/MN235AA10135/211022 | www.gujrera.gujarat.gov.in

Vishv UMIYA Foundation

shreehari™
Always Fly High



# NOW STUDY IN TOP INTERNATIONAL UNIVERSITIES ABROAD

CAN | US | AUS | NZ | UK

## Call Now +91 9574008581

# IELTS | STUDENT VISA

**Ahmedabad (HO)**
403, Shivalik Yash, Opp. Shastrinagar BRTS Bus Stand, 132" Ring Road, Naranpura, Ahmedabad 380013, Gujarat
+917927414445/46 | +91 99258 44422 | For any feedback write us on : feedback@shreehari.in | shreehari.in

**New Ranip**
209, 2nd Floor, Magnet Square, Nr. Sardar Chowk, New Ranip
9574008581

**Nikol**
415, Town Plaza, Nr. Raspan Arcade, Bhaktinagar Circle Road, Nikol, Ahmedabad 382350. Gujarat, INDIA
+91 9512120068

**Kalol**
Shukan Avenue, Opp. Sindbad Hotel, Kalol Mehsana Highway, Kalol 382721. Gujarat, INDIA
+91 9574008595

**Mehsana**
E 401-417, Joyos Hubtown, Modhera Cross Road Mehsana 384002. Gujarat, INDIA
+91 9574008598

**Bhavnagar**
304/5, Surbhi Mall, Above Dominoz's Pizza, Wghawadi Road, Bhavnagar 364002. Gujarat, INDIA
+912782471424

NABH Accredited | I.C.M.R. Registered | KAYAKALP Certified | FOGSI

# ખુશીઓથી રમશે આંગણું, જયારે ઘરે બંધાશે પારણું



## કયા દંપતીઓ લાભ લઈ શકે છે?

**મહિલા**

બંધ ટ્યૂબ્સ, વારંવાર IUI માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી અનિયમિત માસિક અને ગર્ભાશયમાં ગાંઠ હોવી

**પુરુષ**

ઓછા શુક્રાણુ, શુન્ય શુક્રાણુ, શુક્રાણુઓની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવત્તા

## તમામ સુવિધા એકજ સ્થળે

અત્યાધુનિક IVF લેબ, સચોટ નિદાન, સફળ પરિણામ, IVFના પ્રથમ પ્રયત્ને ઉત્તમ સફળતા, પોતાનું ઈંડુ અને પોતાના જ શુક્રાણુથી IVF સારવારમાં અગ્રેસર, નિષ્ણાંત અને અનુભવી એમ્બ્રિઓલજિસ્ટની ટીમ, જેવા અત્યાધુનિક જિનેટિક ટેસ્ટ.

## ઉપલબ્ધ સેવાઓ

IUI | IVF | ICSI
બ્લાસ્ટોસિસ્ટ કલ્ચર | PGD/PGS એન્ડ્રોલૉજી
સર્જિકલ સ્પર્મ એસ્પિરેશન | ક્રાયો પ્રિઝર્વેશન
એગ - સ્પર્મ - એમ્બર્યો | TESA | PESA
માઈક્રો TESE 4D સોનોગ્રાફી | એન્ડોસ્કોપી
NABL પ્રમાણિત લેબોરેટરી

20000+ પરિવારને મળી આઈ.વી.એફ. થી ખુશીઓ

૭૦ દેશોના લોકોને સારવાર આપનારા

BEST HOSPITALS REGIONAL

ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ સર્વે ઓફ ફર્ટિલિટી ક્લિનિક 2019માં દ્વિતિય ક્રમાંક (પશ્ચિમ ઝોન)



**ડૉ. આર. જી. પટેલ**
(ઈન્ફર્ટિલિટી અને IVF સ્પેશ્યાલીસ્ટ)

Sunflower Hospital

**સનફ્લાવર ઈન્ફર્ટિલિટી એન્ડ IVF સેન્ટર**
માનવ મંદિર પાસે, ટ્રાફિક પોલીસ હેલ્મેટની સામે, મેમનગર, અમદાવાદ, ગુજરાત 380052. મોબાઈલ નં : 079 27410080, +91-9687003993

**સનફ્લાવર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ**
નાથાલાલ કોલોની, પંજાબ નેશનલ બેંક ની સામે, લખુડી સર્કલ પાસે, નારણપુરા, અમદાવાદ- 380013. મોબાઈલ નં : 07929914965, +91-9099400445

**સનફ્લાવર IVF ક્લિનિક**
418, સાહિત્ય આર્કેડ, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ, ગુજરાત - 382 330. મોબાઈલ નં : 07946010728, +91-9099400221

Registered Under “R.N.I. No. GUJGUJ/2023/84401” Permitted to post at Ahmedabad PSO, on 8th date of every Month under Postal Regd. No. G-GNR-354 issued by SSP GNR valid upto 31/12/2025


## COMPLETED PROJECTS




RETAIL & WORK SPACES

AT SOUTH BOPAL

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA00341/051017
GUJRERA.GUJARAT.GOV.IN




RETAIL & OFFICE SPACES

AT SG HIGHWAY

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA04785/A1C/160221
GUJRERA.GUJARAT.GOV.IN

## NEW PROJECTS




RETAIL & OFFICE SPACES

AT AMBLI "T" JUNCTION

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN




3 BHK SERENE HOMES

AT SINDHU BHAVAN EXTENSION ROAD

PR/GJ/AHMEDABAD/AHMEDABAD CITY/AUDA/CAA09112/290921
GUJRERA.GUJARAT.GOV.IN



3 BHK

KIDS FRIENDLY HOMES

COMING SOON

OPPOSITE APOLLO INTERNATIONAL SCHOOL,
SOUTH BOPAL



સંજયભાઈ પટેલ
(વિસલપુર)

+91 98254 42197